
E-magazine
ॐ
THERE IS NO RELIGION HIGHER THAN TRUTH
હરજીવન પ્રકાશ
April - 2024
ધીથિયોસોફિકલ સોસાયટી
શ્રી હરજીવન આશ્રમ, કડોલી
તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા (ગુજરાત)

# સંપાદક મંડળ

## ❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

- Email: harjivanashram@gmail.com

## ❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કૈલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યક્ષીય | કાંતિભાઈ કે. પટેલ | 05 |
| 3. | ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના માનનીય પ્રમુખની સંવેદનધર્મિતા | **શ્રી હર્ષવદન શેઠ** | 07 |
| 4. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 09 |


## સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઈ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

- પ્રૂફ વાંચન સહયોગ : **શ્રી શંકરભાઇ એચ. પટેલ,**
ઉપપ્રમુખ શ્રી અને ભૂતપૂર્વઆચાર્ય, કડોલી હાઇસ્કૂલ

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી દ્વારા પ્રકાશિત ઈ પત્રિકા ' હરજીવન પ્રકાશનો એપ્રિલ – 2024નો અંક આપની સમક્ષ રજૂ કરતાં અમને અતિ પ્રસન્નતા અનુભવ થઈ રહી છે.

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટીની નિયમિત પ્રવૃત્તિઓની ઉપરાંત શ્રી રામકૃષ્ણ પરમહંસ જન્મ તિથિની ઉજવણી નિમિત્તે વિશેષ ભજનોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું અને બહોળી સંખ્યામાં કડોલીનાં – બંને ગામની મહિલાઓ અને પુરુષો જોડાઈ અનેરો આનંદ-ઉત્સવ મનાવ્યો એ અદ્દ્ભુત ઘટના રહી હતી.

હરજીવન આશ્રમ દ્વારા આગામી એપ્રિલ માસ દરમ્યાન ગ્રામીણ બેંક ઓફ બરોડા, હિમતનગરની સહાયતાથી મહિલાઓ માટે ગૃહુદ્યોગની તાલિમ આપવા હેતુ પ્રકલ્પ તૈયાર કરવાની વિશેષ કાર્યવાહીઓ હાથ ધરવામાં આવી રહી છે.

થિયોસોફીને તત્ત્વગ્રાહી સ્વરૂપે ગ્રહણ કરી વ્યાવહારિક જીવનમાં ઉદારતાપૂર્વક પ્રચલન કરવા સંસ્થાના કાર્યકરો પ્રવૃત્ત છે. આજે જ્યારે સંદેશવ્યવહારના અદ્યતન સંસાધનો પ્રચુર માત્રામાં ઉપલબ્ધ થઇ ચૂક્યા છે, ત્યારે થિયોસોફિકલ સંસ્થાઓ પણ સંદેશાવ્યવહાર અને સંપ્રેષણ તરફ વિશેષ ધ્યાન આપી રહી છે. કોમ્પુટર દ્વારા ઈ-પત્રિકાઓ, જુમ મિટીંગ્સ, વેબ સાઇટ, પાવર પ્વાઈંટ પ્રેજન્ટેશનની મહત્તા પણ વધી રહી છે. સૂચના અને પ્રૌદ્યોગિક ક્ષેત્રની આ મહાન ક્રાન્તિએ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઈ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઈપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે. તેમના શબ્દોમાં, ' થોથા દેયી ઉડાય ! '.

થિયોસોફીના અભ્યાસુએ સારસવૃત્તિને પોષવાની છે. નકામી વસ્તુઓનો સંગ્રહ દુર્ગંધ ફેલાવી શકે છે. **ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિદ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહ્યો છે, અને તેને "હરજીવન પ્રકાશ" દ્વારા જન..જન સુધી પહોંચાડવાની આપણી મંશા છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

પ્રતિમાસ સંસ્થામાં નવા મેમ્બર્સ જોડાવાની પ્રક્રિયા અવિરત ચાલી રહી છે. આગામી એપ્રિલ-2024માં નવા 25 મેમ્બર્સ જોડાવા માટે ફોર્મ્સ રજૂ કરી ચૂક્યા છે.

વર્ષ 2023 દરમ્યાન નવા મેમ્બર્સ તરીકે જોડનાર તમામ સભ્યશ્રીઓના ડિપ્લોમા સંસ્થામાં આવી ચૂક્યા છે જે રવિવારીય મિટિંગમાં હજાર રહી મેળવી લેવા ખાસ અનુરોધ છે.

મે-2024 દરમ્યાન – સંભવત: 12 મે, રવિવારના રોજ ડૉ. દક્ષા જોશીની હાલમાં જ પ્રકાશિત થયેલ કૃતિ "નિર્ઝરા" કાવ્ય સંગ્રહ પર ડૉ, દક્ષા જોશીનું વિશેષ વ્યાખ્યાન યોજવા વિચાર કરેલ છે. ડૉ. દક્ષા જોશીએ હરજીવન આશ્રમ, કડોલીના મેમ્બર થયા પછી આ કૃતિમાં થિયોસોફિકલ સોસાયટીના મૂળભૂત સિદ્ધાંતોને તેમની કવિતાઓમાં વણી લેવાની કોશિશ કરી છે જે ખૂબ આવકારદાયી અને અનુકરણીય વાત છે.

ડૉ. દક્ષા જોશી આજીવન એક ઉમદા પ્રોફેસર તરીકે રાષ્ટ્રીય અને અંતરરાષ્ટ્રીય સ્તર પર અધ્યાપન કાર્ય કરાવતાં રહ્યાં છે તેઓનું સંસ્થામાં જોડાવવું ફક્ત હરજીવન આશ્રમ માટે જ નહીં, અપિતુ સમસ્ત ગુજરાત ફેડરેશન માટે ગૌરવની વાત છે.

તેમની સાથે પ્રેરિત થઈને પોરબંદર આર્ય કન્યા મહાવિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય સંસ્કૃત ભાષાના વિશારદ ડૉ. દેવેન્દ્ર આચાર્ય સાહેબ પણ સંસ્થામાં જોડાયા તે પણ ખૂબ પ્રેરક ઘટના માની રહ્યો છું. અત્યારે તેઓ અને ડૉ. દક્ષા જોશી અમદાવાદમાં વસવાટ કરી રહ્યાં છે. હરજીવન આશ્રમ, કડોલીમાં અત્યારે લગભગ અડધો ડઝન સભ્યશ્રીઓ સાહિત્યમાં પી.એચ.ડી.ની પદવી ધરાવી રહ્યાં છે, અડધો ડઝનથી વધુ આઈ.ટી. સેકટરમાં એન્જીનિયરીંગની પદવી ધરાવી રહ્યા છે. અનેક સભ્યશ્રીઓ મૂળભૂત રીતે શિક્ષક / આચાર્ય તરીકે સેવાઓ આપી ચૂક્યા છે અને હાલમાં પણ સંનિષ્ઠ રીતે શિક્ષાધર્મ બજાવી રહ્યા છે.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથા સાહિત્યમાં, કવિતા સાહિત્યમાં કે આધ્યાત્મિક

ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોની દિવ્ય ગતિથી આજ સુધીની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધવાની છે અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

આશા છે કે, આ અંકમાં આવરી લેવાયેલ સાહિત્યમાં આપ સૌને થિયોસોફીનો નાદ અચૂક સંભળાશે.

વંદન .... આભાર !

દીપક પંડ્યા

# અધ્યક્ષીય,

પ્રિય આત્મીયજનો,

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

થિયોસોફિકલ ઓડર ઑફ સર્વિસ માટે અલગ પ્રભાગની વ્યવસ્થા આવકાર્ય માની રહ્યો છું અને તે સાથે જ વ્યાવહારિક જીવનમાં થિયોસોફીના પ્રચલનની ઉમદા તકો પણ સોંપડી શકશે. હરજીવન આશ્રમ હવેથી જનસેવાનું સશક્ત મધ્યમ બનશે. કડોલીની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાની દિશામાં ગુજરાત ફેડરેશનમાં આ એક અનુપમ પ્રયાસ બની રહેશે.

'હરજીવન પ્રકાશ' પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઈ ચૂક્યો છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઈ, વારણસી, ચૈનઈ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રેરક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તેઓ આપણું માર્ગદર્શન કરી રહ્યા છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઈ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઈ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે.  આ બધી જ રચનાઓમાં  સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઈ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી અંતર્ગત સમાવેશ કરી શકાય છે. સર્જકના મૌલિક વિચારો

તેની વ્યક્તિગત સોચ છે. તેમાં થિયોસોફીનો તત્ત્વબોધ સંભવ છે.

થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે.

તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે.

સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતનની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હ્રદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રદ્ધા ધરાવું છું.

કડોલી એક નાનકડું ગામડું છે પણ દૈવતવાળું છે. આપ સૌના કડોલીનાં સંસ્મરણો હ્રદયસ્થ બની રહ્યાં હશે. અમારા સન્નિષ્ઠ પ્રયાસો અને આપ સર્વે પ્રત્યેના અનન્ય અનુરાગ દિનપ્રતિદિન પ્રગાઢ બનતો રહી સૌની સંગતે વૈવિધ્યપૂર્ણ થિયોસોફી કર્મ કરાવશે એવી કામના કરી રહ્યો છું.

હરજીવન આશ્રમ અને થિયોસોફિકલ સોસાયટીની સભ્યશ્રીઓની સંખ્યા જ્યારે 150થી વધુ થઈ રહી છે ત્યારે દરેક સભ્યશ્રીને રવિવારીય મિટિંગમાં હાજરી આપવા સાદર નિવેદન – અનુરોધ કરી રહ્યો છું.

હરજીવન આશ્રમની ગૃહ ઉદ્યોગ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ રહી છે અને કડોલીની પ્રોડક્ટ હવે છેક મુંબઈ સુધી પહોંચી શકી છે તે ગર્વની વાત છે.

સાધુવાદ !

- **કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

***

# ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનના માનનીય પ્રમુખ **શ્રી હર્ષવદન શેઠ** સાહેબની સંવેદનધર્મિતા ....



મુરબ્બી શ્રી દિપકભાઈ,

ખૂબ જ ઊંડું ચિંતન માંગી લે તેઓ આ એક ગંભીર વિષય છે.. જેને આપણે કુટુંબ વ્યવસ્થા કહીએ છીએ. જ્યાં કુટુંબ વ્યવસ્થા તૂટી પડે છે ત્યાં કોઈપણ પ્રકારની આધ્યાત્મિક ચર્ચા અથવા અનુષ્ઠાન નિષ્ફળ જાય છે. પ્રેમ ભાવ અને નિસ્વાર્થ વ્યવહાર ઉપર જ કુટુંબવ્યવસ્થા ટકેલી છે.

જો આપણે 'કર્મનો નિયમ' સમજ્યા છીએ તો આપણને એટલી તો ખબર હોવી જ જોઈએ કે જે કુટુંબના જુદા જુદા સંબંધોમાં જે જે પાત્રો ભાગ ભજવે છે તેઓને કુદરતે પોતાના કર્મને ફળ સ્વરૂપે પૂરા કરવા માટે જ ગોઠવ્યા છે.

કુટુંબના એક સભ્યનું અન્યાય ભર્યું વર્તન ને સહન કરવું કે ન કરવું? કોઈ સભ્યનું અત્યંત અભિમાન સાથે જીવવું અને બીજાને નાનો સમજવો શું ઉચિત છે? મિલકતના ઝઘડામાં કેટલાય કુટુંબો આજ દિન સુધી કોર્ટે ચડ્યા પણ કોઈ જ સંતોષકારક પરિણામ શું આવેલું છે?

આવા કઈ કઈ સવાલો તમારે અને મારા મનમાં સતત ઉદ્ભવે છે કારણ કે આપણે સૌ આપણી કુટુંબવ્યવસ્થાનો ભાગ છીએ જ!

હવે થોડાક નિરાકરણ ઉપર આવીએ તો નીચેની બાબતો મારી દ્રષ્ટિએ સુસંગત જણાય છે...

૧. જે પાત્ર દ્વારા કુટુંબમાં આપણી જવાબદારી બનેલી છે જેમ કે માતા-પિતા બહેન ભાઈ પુત્ર તેને ખાસ નિભાવવાની કોઈ ટ્રેનિંગ સમાજમાં મળતી નથી. મતલબ કે જેની જે સમજમાં આવે તે અન્યના મદદ માટે કુટુંબમાં કાર્યરત રહે.

2. આર્થિક સ્થિતિની સફળતા અને સધ્ધરતા કુટુંબના વડીલ સભ્યો નિભાવતા હોય છે. તેઓનું વલણ સર્વે અન્ય કુટુંબીજનો માટે ભેદભાવ પૂર્ણ ન જ હોવું જોઈએ. જો તેઓને ભેદભાવ કરવા માટે ફરજ પાડનાર અન્ય કુટુંબી સભ્યો સતત એવી પ્રવૃત્તિ કરતા હોય તો બધાએ સાથે બેસીને જ એનું નિરાકરણ લાવવું પડે.

3. ઘણીવાર ગરીબી અવસ્થા વરદાન સ્વરૂપ સાબિત થતી હોય છે કારણ કે કુટુંબને ટકાવવા માટે સર્વે સભ્યો પોતાનાથી બનતી બધી જ મહેનત કરીને કમાણી ઉભી કરીને કુટુંબને ભરણપોષણ માટે કાર્ય કરતાં રહે છે. આવું જે કુટુંબમાં બનતું હોય છે તેવા કુટુંબો ખૂબ ઝડપથી આર્થિક પ્રગતિ સાધીને સમાજમાં દાખલા રૂપ બનતા હોય છે.

4. પરંતુ ક્યારેક ક્યારેક આર્થિક સધ્ધરતા જન્મજાત પ્રાપ્ત થઇ હોય તેવા સંજોગોમાં કુટુંબના સભ્યો મનસ્વીપણે વર્તીને, ખોટા ઝઘડા ઉભા કરીને, વડીલો તથા ઉછરી રહેલા બાળકોને ભોગે પણ સ્વાર્થવૃદ્ધિની પ્રવૃત્તિમાં જોડાયેલા રહે છે.

5. કેટલીક વાર કુદરતની મહેરબાનીથી આર્થિક સધ્ધરતા પણ હોય અને કુટુંબના સભ્યો વચ્ચે અનહદ પ્રેમ હોય ત્યારે પણ કુદરત કેટલીક અકસ્મિક આફતો ઉભી કરે છે. અકસ્માત, હોનારત, તાવ કે અન્ય બીમારી ની ઝપટે આવા સુંદર કુટુંબો ના સભ્યો આવી જતા હોય છે.

ઉપરોક્ત પાંચ બાબતો સર્વે સંયુક્ત કે વિભક્ત કુટુંબોને લાગુ પડે છે. આપણું કુટુંબ કેવા પ્રકારે સમાજમાં જીવી રહ્યું છે? શું આપણે અન્ય કુટુંબો માટે પ્રેરણા સ્વરૂપ કે આદર્શ કુટુંબ સ્વરૂપ છીએ? શું આપણે આધ્યાત્મિક જાગૃતિ માટે આપણા કુટુંબીજનોમાં તે પ્રકારની સમજણ વિકસાવી શક્યા છીએ? શું હતી એ વારસામાં મળેલી તાકાત? શું હતો આપણો ભવ્ય ભૂતકાળ? શું હતું આપણા માનવંતા વડીલોની વિશેષ ઓળખ? આવા પ્રશ્નોનો જવાબ આપણે સાથે બેસીને શોધવો જોઇએ.

અહીં હું જે છણાવટ કરું છું તે સાર્વત્રિક રીતે સ્વીકૃત હોઇ શકે પરંતુ કોઇ ચોક્કસ વ્યક્તિગત રીતે તેની બાબતોનો કેટલોક ભાગ ન સ્વીકારે તો તેઓના જીવનમાં જે ચાલે છે તેને કુદરતનું જ આપેલું વરદાન કે અભિશાપ સમજવું. કોઇપણ ધર્મ કે સંપ્રદાય કે પછી વ્યક્તિગત આધ્યાત્મિક સમજ દ્વારા કેટલીક અંશે સ્વસ્થ કૌટુંબીક જીવન જીવવા માટેનું માર્ગદર્શન મળી શકે છે. તે પ્રમાણે જો જીવન જીવાય તો ઘણા બધા પ્રમાણમાં આવા સામાન્ય કહી શકાય તેવા કૌટુંબિક પ્રશ્નોને ઉકેલી શકાય છે.

મુરબ્બી હરજીવન દાદા ને એક સવાલ પૂછવામાં આવ્યો હતો કે, "આપણે બધા બ્રહ્મવિદ્યાના અભ્યાસુ છીએ અને તે પ્રમાણે કુટુંબ જીવન જીવવાનો પ્રયત્ન કરીએ છીએ; તેમ છતાં પણ અશાંતિ અને કૌટુંબિક આપત્તિઓ ના ભોગ બનવું પડે છે. શું આ અંગે કોઈ માર્ગદર્શન છે?"_

દાદાએ જવાબ આપેલો,"આધ્યાત્મિક રસ્તે જ્યારે તમે આગળ વધો છો ત્યારે પહેલી મુશ્કેલી તો કુટુંબમાંથી જ આવવાની! બીજી મુશ્કેલી સમાજ તરફથી પણ આવે! અને ત્રીજી મુશ્કેલી તમારા પોતાનાથી પણ આવે!"

"હવે હું આગળ કહું તો મેં મારા કુટુંબીજનો સાથે હંમેશા પ્રેમ ભર્યો અને સહકાર ભર્યો વ્યવહાર રાખેલો છે. જ્યાં જ્યાં કામ કર્યું ત્યાં પણ સમાજ જીવનમાં અત્યંત સુંવાળો અને પ્રેમ ભર્યો વ્યવહાર રાખેલો, તેમ છતાં પણ મેં ક્યારેય પણ તે બાબતને આદર્શ નહીં માનેલો! કારણ કે હું જાણું છું કે જીવન પરિવર્તનશીલ અને કઠિન છે. અન્યના મનો વ્યાપારો નો તાગ પામી જઇએ ખરા પરંતુ તે કોઈ બહાર જણાવવાની વાત

હોતી નથી. ફક્ત આંતરિક સુખથી જ હું કેટલીક વસ્તુઓને સ્પષ્ટ રીતે સમજી શક્યો છું. જેઓ નબળા મનના અથવા અન્યના વિચારોથી પ્રભાવિત થયા હોય અને ખોટું કરતા હોય તેઓને તો ઈશ્વર જ સદ્બુદ્ધિ આપે!"

ઉપરોક્ત છણાવટ બાદ મને જણાય છે કે આવા પ્રશ્નોનું નિરાકરણ જાહેરમાં ચર્ચા કરીને ન આવી શકે, અથવા તો કોઈની વિશેષ વ્યક્તિગત સમજાવટ કદાચ સફળ ન પણ થાય; ત્યારે પારસ્પરિક સંબંધોની આરસી માં તે નિહાળીને, દુનિયાના નક્કી કરેલા વ્યવહારોના માળખામાં રહીને આપણા જીવનને બને તેટલું સરળ બનાવીને જીવવું. જ્યાં આપણી ફરજ કમાવાની હોય ત્યારે આપણે સર્વે માટે તે કમાવાનું કાર્ય કરીએ છીએ તેમ જાણવું. કુટુંબના સભ્યો માટે ખરીદી કરાતી ચીજ વસ્તુઓ માં સંતોષ ઉભો થાય તેવો વ્યવહાર કોઇ બહારથી માર્ગદર્શન આપે અને સમજાઇ જાય તેવી બાબત નથી! કોઈના ચિત્તમાં કુટુંબના સભ્યો માટે વેર વૃતિ છૂપા સ્વરૂપે રહેલી હોય તો તેનું નિવારણ અન્ય કેવી રીતે કરી શકે? આવી કેટલીક વણ લખેલી અને ન સમજાય તેવી સુક્ષ્મ બાબતો સતત ચાલતી જ રહેવાની.. માટે જેટલું બાહ્ય સ્વરૂપે કુટુંબ જીવન વ્યવસ્થિત જળવાય તે ખાસ જોતા રહેવું... અને સૂક્ષ્મ સ્વરૂપે વ્યક્તિગત રીતે આપણે આધ્યાત્મિક માર્ગે અભ્યાસ, ચિંતન, અને મનન દ્વારા બીજાને નડ્યા વગર આગળ વધતા રહેવું..

"Love is something totally new every day, but pleasure is not, pleasure has continuity. Love is always new, and therefore it is its own eternity."

**Jiddu Krishnamurti, On Love and Loneliness**

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

ચિન્તન ની ક્ષણે - કર્મ નો અટલસિદ્ધાંત (૨) દુનિયા માં દરેક ડીપાર્ટમેન્ટ ને ચલાવવાના અને નિયંત્રણ માં રાખવાના કાયદા ઘડાયેલ હોય છે. પોલિસ ખાતા માટે પોલિસ મેન્યુઅલ હોય છે. પી . ડબલ્યુ ડી ખાતા માટે તેનું મેન્યુઅલ હોય છે. ન્યાય માટે ઇન્ડિયન પીનલ કોડ હોય છે રેલવે ખાતાના પણ કડક કાયદા ઘડેલા હોય છે તેવી જ રીતે આખી સૃષ્ટિના અને બ્રહ્માંડો ના સંચાલનમાટે પણ, જેમકે સૂર્ય નિયમિત ઊગે અને આથમે, પૃથ્વી, તારા નિયમિત ગતિ કરે, વરસાદ નિયમિત ચોમાસા માંવરસે, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય વ્યવસ્થિત રીતે થાય વગેરે સંચાલન માટે પણ અને તે સુવ્યવસ્થિત ચાલે તેને માટે પણ કાયદો છે અને તે " કર્મ નો " કાયદો છે ગોસ્વામી તુલસીદાસજી રામાયણ માં લખે છે કે - કર્મ પ્રધાન વિશ્વ કરી રાખા જો જસ કરઇ સો તસ ફલ ચાખા | આખુ વિશ્વ કર્મના કાયદા ના આધારે બરાબર વ્યવસ્થિત રીતે ચાલે છે. અને તેમાં જરા પણ ગડબડ નથી. કર્મના કાયદાની એક ખાસ ખૂબી છે. દુનિયાના તમામ કાયદાઓમાં કાંઈનો કાંઈ અપવાદ exception to the Rule Proviso વિગેરે હોય છે. પણ કર્મના કાયદામાં કોઇ પણ ઠેકાણે જરાયણ અપવાદ કે બાંધછોડ નથી. ખુદ ભગવાન રામના બાપ થતા હોય તો પણ રાજા દશરથ ને કર્મ ના નિયમ પ્રમાણે પુત્રના વિરહથી મૃત્યુને ભેટવું પડ્યું તેમાં

ભગવાન રામ એમ ના કહી શકે કે રાજા દશરથ મારા બાપ થતા હોવાથી કાયદામાં થોડીબાંધછોડ કરીને અપવાદ રૂપે હું તેમને ૧૪ વરસ નું extension આપીશ. નિર્ગુણ નિરાકાર શુધ્ધ બ્રહ્મ પણ જ્યારે સગુણ સાકાર બનીને દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તેમને પણ આકર્મના કાયદા નું ચુસ્ત પાલન કરવું પડે છે. કર્મ ના કાયદામાં ક્યાંય દેર પણ નથી, અને અંધેર પણ નથી જરાયણ બાંધછોડ કે લાગવગ શાહી નથી. કોઇ પણ અપવાદ નથી. આ કાયદાની ખાસ ખૂબી છે હવે ' કર્મ ના ' દાયદાને ' ઉઘાડીને આગળના અંકમાં ક્ર માનુંસાર જોઈશું. ( વધુ આવતા અંકે)

- **શંકરભાઈ પટેલ.**

# ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય

- **ડૉ અંબાદાન રોહડિયા, રાજકોટ**

### ધર્મ અને ધરા માટે સર્વસ્વનો ભોગ આપવો :

મધ્યકાળ ચારણી સાહિત્યનો સુવર્ણયુગ હતો. અલબત્ત, એ સમયની રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ. ધર્મ અને ધરા માટે અનેક નરસંહારો થયા છે. સત્તા અને સંપત્તિના બળે દુશ્મનોએ લોકસમુદાયો પર અત્યાચાર કરવામાં માઝા મૂકી હતી. તેમણે કરેલા અત્યાચારો અને અનાચારોની વિગતો ઇતિહાસકારોએ પણ ગાળી ચાળીને મૂકી છે. કહો કે, એ ઇતિહાસગ્રંથો પણ અર્ધસત્ય છે, પણ કંઠસ્થ પરંપરાના સાહિત્યમાં-લોકસાહિત્યમાં તેનું આછું ચિત્ર મળે છે. રાજ્યાશ્રિત કવિઓ અને ઇતિહાસકારોએ જ્યારે મૌન ધારણ કર્યું હોય ત્યારે ચારણોએ પોતાનો ધર્મ નિભાવ્યો છે. તેમણે ધર્મ અને ધરા ખાતર બલિદાન આપનારા વીરોને લાડલડાવ્યાં છે, તેમની શહાદતોને એમણે જિહ્વાગ્રે જાળવી છે. આતતાયીઓએ મંદિરો, ગ્રંથાલયો અને શહીદોના સ્મારકોને તોડયા, સળગાવ્યા અને નષ્ટ કર્યાં, પણ ચારણકવિઓની જીભે, તેમનાં હૃદયમાં ખોડેલી ખાંભીઓ અવિચળ રહી અને પેઢી દર પેઢી જીવંત રહી. આથી તો કોઇ કવિએ કહ્યું છે કે :

‘માત પિતા સુત મેહળા, બાંધવ બિસારેહ;

શૂર દત્તા સતિયાં ચરિત, ચારણ ચિતારેહ.’

આ નાશવંત સંસારમાં જેનો જન્મ છે એનું મૃત્યુ અવચંભાવી છે તો મૃત્યુ પછી ધીમે ધીમે માતા-પિતા, પુત્ર, પત્ની અને ભાઇઓ પણ ભૂલી જાય છે, પરન્તુ શૂરવીરો, દાતારો અને સતીઓનાં યશોજ્વલ્લ ચરિત્રોને ચારણો સદા યાદ રાખે છે.

ચારણોએ ધર્મ અને ધરા માટે બલિદાન આપનારા રાજા-મહારાજાઓથી માંડીને સમાજના છેવાડાના લોકોને પણ બિરદાવ્યા છે,

અનેક લોકનાયકોની યશોગાથા ચારણી સાહિત્યમાં મળે છે.

સ્વમાન, ચારિત્ર્ય, ત્યાગ અને શૌર્યને પ્રાધાન્ય :

ચારણી સાહિત્યનો અભ્યાસ કરતાં એ વાતની પ્રતીતિ થાય છે કે, આ ચારણકવિઓએ એવા વીરોને બિરદાવ્યા છે કે જેમણે સ્વમાન માટે સંઘર્ષ કર્યો હોય. જેમકે મોગલકાળમાં શહેનશાહ અકબર સામે સ્વમાન માટે ઝૂઝનારા મહારાણા પ્રતાપને તેઓએ છેક દિલ્હીમાં અકબરની સન્મુખ બિરદાવ્યા હતા. શિરોહીના રાજકવિ દુરસા આઢાએ રચેલા 'બિરુદ છહુતેરી'ના દુહાઓ કાલજયી રચનારૂપે આજે પણ લોકમુખે ગવાતા રહે છે. તેમાંથી મહારાણા પ્રતાપની સંઘર્ષગાથા અને અકબરે સત્તાને બળે આચરેલા અત્યાચારની વાત આ રીતે પ્રગટે છે :

'અકબર ઘોર અંધાર, ઊંઘાણા હિન્દુ અવર; જાગે જગતાધાર, પોહર આઠે પ્રતાપસી.'૭

એ કાળે માત્ર મુસ્લિમો અને હિંદુઓ વચ્ચે જ સંઘર્ષ હતો એવું નથી. ખરા અર્થમાં તો સત્તા, સંપત્તિ અને સૌંદર્યની ભૂખ અનાચાર-અત્યાચારની ગંગોત્રી છે. આથી તો અનેક હિંદુ રાજવીઓ સામે ક્ષાત્રત્વના ઉપાસક વીરોએ બહારવટાં ખેડયાં છે. તેમાંના કેટલાક વીરોની સ્વમાન પ્રીતિ, દઢ ચારિત્ર્યશીલતા, ત્યાગ અને ઉદારતાને ચારણોએ નિર્ભીકતાથી સરાહી છે. ભાવનગર સામે બહારવટે ચડનાર જોગીદાસ ખુમાણ કે અંગ્રેજો સામે બહારવટે ચડનાર જોધા માણેક-મૂળુ માણેકને કવિઓએ અમર કર્યાં છે.

પરોપદેશે પાંડિત્યે નહીં પણ કહેણી અને કરણીમાં સામ્ય :

ચારણકવિઓએ વીરોને બલિદાનનો રાહ ચીંધી બતાવ્યો છે. તેમને પરોપકારાર્થે પ્રાણ દેવાની કે સ્વમાન, ચારિત્ર્ય, ત્યાગ અને શૌર્યની વાતો તેણે ગળથૂથીમાં પિવડાવી છે. અલબત્ત, એ બધી વાતોનો પ્રભાવ પડતો. વીરો પ્રાણાંત સુધી ઝૂઝતા, એની વાણીમાં આવી તાકાત હોવાનું કારણ એ હતું કે ચારણ સવાયો શૂરવીર હતો. એ વીરોની બિરદાવળીઓ ઘરે બેસીને રચવાને બદલે સમરાંગણમાં સાથ નિભાવતો હતો. અવસર આવ્યે કલમ છોડીને તરવાર ધારણ કરતો. ખાંડાના ખેલ ખેલવાની વાત કરનારા ચારણોએ યુદ્ધભૂમિમાંથી પારોઠનાં પગલાં નથી ભર્યાં. ઉદારતા અને દાનવીરતાનો મહિમા ગાનારા ચારણો દાન લેનારા ખરા, પણ દાન આપવામાં પણ અગ્રેસર રહેતા. આથી તો કહેવાતું કે, 'ચારણ લે લાખ, આપે સવાલાખ'. ચારિત્ર્યશીલતાનો મહિમા ગાનારો ચારણ પોતાની સંયમી-દઢવૃત્તિને કારણે રાણીવાસમાં બેન-દીકરીઓને કશી જ રોકટોક વગર મળી શકતો. રણવાસ અને રાણીવાસમાં સંયમ જાળવનાર ચારણોને ત્યાં સંકટ સમયે ક્ષત્રિયાણીઓને પરિવાર સમેત આશ્રય

અપાયાનાં પણ ઉદાહરણો મળે છે. ભલભલા લોકો વિવેક ચૂકે પણ ચારણની કહેણી અને કરણીમાં ફેર ન પડે. આથી તો કોઈક કવિએ કહ્યું છે

ગુંજ બહેરા દ્રવ્ય આંધળા, ઝૂઝણ વેળ આનંદ;
કાછદઢા કર બરસણા, સૌ લખણ કવિચંદ.

સમરાંગણ-જીવનસંગ્રામમાં સાથ ન છોડવો :

મધ્યકાળે ચારણોને રાજદરબાર અને લોકદરબારમાં ખૂબ જ માન-પાન મળ્યાં છે. ચારણોને અનેક રાજવીઓએ રાજ્યાશ્રય આપ્યો છે. અલબત્ત, રાજ્યાશ્રિત કવિઓની રચનાઓમાં પણ માત્ર રાજ્યાશ્રિતતાને બદલે તથ્યાશ્રિતતાનો અહેસાસ થાય છે. ચારણોએ ક્ષત્રિયોને યુદ્ધભૂમિનો મહિમા સમજાવ્યો છે, તેને રણભૂમિમાંથી પારોઠનાં પગલાં ભરવાને બદલે કેસરિયાં કરવાની સોનેરી શિખામણ આપી છે, એટલું જ નહીં પણ એણે સુખમાં રાજવૈભવ માણ્યો છે તો દુઃખમાં ક્યારેય સાથ છોડયો નથી. ક્ષાત્રત્વ અને ચારણત્વનો આ સુભગ સમન્વય ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થયો છે, પરન્તુ બૌદ્ધિકોનું ધ્યાન ત્યાં ગયું નથી. ખરા અર્થમાં તે ક્ષત્રિયની સાથે ખંભેખંભો મેળવીને સાથી બની ઊભો છે. વિપત્તિ વેળાએ સ્વજનો સાથ છોડી દયે, કે મોહાંધ બનેલા પિતા-પુત્ર કે ભાઈ-ભાઈ પણ દુઃશ્મન બની જાય એ વેળાએ ચારણે પોતાનો ચારણધર્મ નિભાવ્યો છે. આથી તો ચારણો અને ક્ષત્રિયને ભાઈ કહ્યા છે, પરન્તુ જેનામાં ક્ષાત્રત્વરૂપી વીરત્વ અને ઉદારતા હોય તેને જ તેણે સ્વીકાર્યાં છે. જ્યારે કાયરો અને કંજૂસો પર તો તેણે વાણીના કોરડા વીંઝયાં છે. આથી તો કહેવાયું છે કે :

'ચારણ ખત્રિયાં ભાઇયાં, જા ઘર ખાગ અરુ ત્યાગ;
ખાગાં ત્યાગાં બાહીરા, જાસું ન લાગ ભાગ.

ભારતવર્ષનો ઇતિહાસ સાક્ષી પૂરે છે કે, ચારણોએ ક્ષત્રિયોને સમરાંગણ રૂપી યજ્ઞકુંડની આહુતિમાં ઓરી દીધા નથી, પરન્તુ ધર્મ, ધરા, સ્વાતંત્ર્ય, સ્વમાન અને ચારિત્ર્ય માટે તે પણ સાથે હોમાયો છે.

યુગધર્મ-ચારણધર્મ નિભાવવો :

ક્ષાત્રત્વનું જતન કરે તે ક્ષત્રિય, બ્રાહ્મણત્વનું જતન કરે તે બ્રાહ્મણ અને ચારણત્વનું જતન કરે તે ચારણ. ખરા અર્થમાં એ પરંપરાનું-તત્ત્વનું જતન કરવાનું કાર્ય ખૂબ જ કપરું અને દુષ્કર છે. ચારણ તરીકે લોકો આદર આપે, દેવીપુત્ર કહીને આબાલવૃદ્ધ સૌ અભિનંદે, રાજસભામાં માન-સન્માન પામે ત્યારે ચારણની એ ફરજ ગણાય કે તે અવસર આવ્યે પોતાનો યુગધર્મ-ચારણધર્મ નિભાવે. કેમકે, કટોકટીની પળે આમવર્ગ તો મૌન ધારણ કરી લ્યે કે આતતાયીની શરણાગતિ સ્વીકારી લ્યે, પણ ચારણે પ્રાણાંતે પણ પોતાનો ચારણધર્મ નિભાવવો રહ્યો. એણે એ પળે પોતાની

ફરજ યથોચિત રીતે નિભાવી છે. આથી તો પિતાની હત્યા કરાવનારા જોધપુરનરેશ અભેસિંહ અને પુત્રની હત્યા કરનારા જયપુરના રાજવીને પુષ્કર તીર્થમાં જ ક કવિરાજ કરણીદાન કવિયા દુહો કહે છે કે :

'પત જૈપુર પત જોધપુર, દોનો થાપ ઉથાપ;

કૂરમ માર્યો ડિકરો, કમધ્વજ માર્યો બાપ.

---- ક્રમશ: ( હવે પછીના અંકોમાં નિયમિત રીતે આપવામાં આવશે.)

## "રામકૃષ્ણ પરમહંસ જન્મ તિથિ"

હરજીવન આશ્રમ પરિસરમાં પૂ. દાદાજી (હરજીવન કાલિદાસ મહેતા)ના પુનિત સ્મારકની સમ્મુખ " રામકૃષ્ણ પરમહંસ જન્મ જયંતિ" નિમિત્તે સુંદર ભજનોત્સવ યોજાયો હતો.

કડોલી (બન્ને ગામ)ના નર-નારીઓએ સહર્ષ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. લગભગ ૧૦૦થી ૧૨૫ મહિલાઓ અને પુરુષોનાં ભજન મંડળો જોડાયા હતા.

આરતી, પ્રાર્થના અને ભજનો તેમજ પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું હતું. હરજીવન આશ્રમના માનનીય ઉપપ્રમુખ અને કડોલી હાઇસ્કૂલના ભૂતપૂર્વ આચાર્ય શ્રી શંકરભાઇ પટેલ સાહેબ કાર્યક્રમના આરંભથી રાત્રિના ૧૨ વાગ્યા સુધી હાજર રહી સર્વેને કાર્યક્રમના સફળ આયોજનને બિરદાવતાં પ્રાસંગિક સંબોધનમાં હરજીવન આશ્રમની રચનાત્મક પ્રવૃત્તિઓની વાત કરી હતી. તેમણે થિયોસોફિકલ સોસાયટીની મૂળભૂત વિચારધારા વિશે પણ એકત્રિત સમુદાયને અવગત કર્યા હતા અને થિયોસોફિકલ સોસાયટી વિશેની પ્રાથમિક જાણકારી માટે પુસ્તિકાનું વિતરણ કર્યું હતું.

હરજીવન આશ્રમની ગૃહઉદ્યોગ ક્ષેત્રે થયેલ પ્રગતિ અને ભાવી યોજનાઓ વિશે પર્યાપ્ત માહિતી આપી હતી. તેમણે એ પણ જાણકારી આપી હતી કે ગૃહઉદ્યોગ ક્ષેત્રે જોડાવવા ઇચ્છનાર દરેક માટે હરજીવન આશ્રમ થિયોસોફિકલ સાસાયટી, કડોલીના સભ્ય બનવું આવશ્યક અને અનિવાર્ય છે. સભ્ય બન્યા પછી રવિવારીય સાપ્તાહિક મિટીંગ્સમાં નિયમિત રીતે હાજરી આપવી પણ ખાસ જરૂરી છે. તેમણે પૂજ્ય દાદાજીની ગૌરવપૂર્ણ પ્રતિમા સમક્ષ યોજાયેલ કાર્યક્રમની અને તમામ સહભાગીઓના પ્રયાસની હાર્દિક વંદના કરી હતી.

" પ્રાર્થના એ માનવ મનમાં ઈશ્વર પ્રત્યે પ્રગટેલી વિશેષ ભાવોર્મિ છે, તે શબ્દોના સહારાની મોહતાજ નથી, તે બીજાના શબ્દોથી, ઉછીના કે ઉધાર સંપાદિત કરાયેલ શબ્દોની જરૂર નથી. કોઇપણ સ્થાને, કોઇપણ સ્થળે પ્રાર્થનાભાવ જન્મ લેતો હોય છે અને તેની સુવાસ યુનિવર્સલ લેવલે અસરકારક બનતી હોય છે. તેને કોઈપણ જાતના વિશેષણ, આભૂષણ, અલંકાર કે બાહ્ય આડંબરની જરૂર રહેતી નથી.

પૂ. દાદાજીના જીવનમાં પ્રગટેલ થિયોસોફીની ધારા પુસ્તકોમાંથી બહાર નીકળી સમસ્ત માનવ જીવન માટે કરુણાવાન બની દિવ્ય પ્રકાશ રેલાવતી રહી છે એટલે જ સર્વથા પરમ વંદનીય બની રહી છે. માનવ હૃદયમાં ઈશ્વર પ્રત્યે જાગેલી પરમ ચેતના, ભાવભૂમિ સાર્થક રીતે 'વૈશ્વિક પ્રાર્થના' બની રહે છે. તે અન્ય વ્યક્તિની સહાયતાથી કે 'હોતા(પુરોહિત) કર્મ' વડે

સંમન્ન કરી શકાય જ નહીં. તે તો સ્વયં ભૂ આત્મજા છે." તે સર્વ પ્રકારે અંતરનાદ બની રહેવી જોઇએ.

અસ્તુ !

વંદન !

- **નરેંદ્ર ડી. પટેલ**, મંત્રી

# જેનું કોઇ લૌકિક.....

જેનું કોઇ લૌકિક ભોતિક એવું

પ્રમાણ કે સાબિતી નથી, તેવી

ઈશ્વર રચીત આ સૃષ્ટિ ની તે

અલૌકિક પ્રકૃતી ની બાબતો

ના જ્ઞાન ની મન મા શ્રધ્ધા થાય

જે દીલ અને આત્મા મા ભાવ

પ્રગટ કરે, અને તે ઈશ્વર ની

પ્રાર્થના પ્રગટ કરે, જેનુ કોઈ

ચોકકસ ભાષા કે શબ્દ સ્વરૂપ

કે રંગ રૂપ નથી, અને તે જ આ

સૃષ્ટિ નુ સર્જન અને સંચાલન

કરતુ એવુ ઈશ્વરી તત્વો થી

બનેલુ, ઈશ્વર નુ સર્વવ્યાપી

પૂર્ણ ચોકકસ સ્થિર સ્વરૂપ છે,


જે પરબ્રહ્મ પરમાત્મા પૂર્ણ

બ્રહ્મ એવા તેના ગમે તે સ્વરૂપે,

ગમે ત્યાં આ સૃષ્ટિ મા પ્રગટ

થઇ શકે છે,,,,

**- - - દીપક પુજારા**


*** ખેલ છે શું ? ***

o કોઈ આવે ને જાય કોઈ, આવ - જા નો ખેલ છે શું ?
અવિરત ચાલ્યા કરતો જગત નો આ ખેલ છે શું ?
o આવનાર ખેલમાં સઘળા પાછા જાય પણ,
જનાર પાછો ના ફરે ,એક તરફી ખેલ છે શું ?
o રડનાર ને કહી રહ્યો જનાજો જતા જતા,
થોભ,વળતા આવું, ઝંખના આટલી છે શું ?
o ઉદય તેનો અસ્ત , ખીલે તે કરમાય ,કુદરતનો ક્રમ
સુખનું સુખ શું ને દુ:ખને દુ:ખ આ છે શું ?
o જીવન છે તો મોત , નામ છે તો નાશ છે
કાળ ને પણ કાળ છે, તો આત્મઘાતના ખેલ છે શું ?
o નિર્દોષોનું લોહી વહે, તરુવર કાપે બેફામ,
ધરતી વાદળ ફાટે તેમાં કુદરતનો વાંક છે શું
o સૂઈ જાઉં કેમ ના કબરમાં નિરાંતે ભલા
જીવ દઇ ને ખરીદી મેં જગ્યા ખબર છે શું ?
o ગણી ગણી ને જ લેવાનો ,શોખ તને છે ગાંડો છે પણ,
તારી જ નથી કોઈ ગણતરી , તો ગણવાનો અર્થ છે શું ?
o ચેક તારા બાઉન્સ થશે રૂપિયા, પાઉન્ડ ,ડોલર બધા,
હૂંડી ફક્ત દાનની જ વેલીડ," પેરવ " જાણ છે શું ?

ડૉ.અબ્બાસ આગલોડીયા (પેરવ )

"Self-knowledge is the beginning of wisdom, which is the ending of fear."
― **Jiddu Krishnamurti, <u>On Love and Loneliness</u>**




# સત્ય એ પણ છે.....

સત્ય એ પણ છે જે આપણે નથી જોઈ શકતા

એક ભાઇ પોતાની સાથે બે—ત્રણ નાનાં બાળકોને લઈને ટ્રેનમાં ચડ્યા. એક ડબ્બામાં થોડી જોઇ એટલે સામાન ઉપર રાખીને બારી પાસે કંઈક વિચારતા વિચારતા એ ભાઈ બેસી ગયા. ટ્રેન ચાલુ થઈ અને સાથે સાથે પેલા બાળકોના તોફાન પણ ચાલુ થયા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ તોફાન વધતાં ગયા.

પેલા ભાઈ તોફાન કરી રહેલાં બાળકોને કંઈ જ કહેતા નહોતા આથી બાળકો વધુ ધમાચકડી મચાવતાં હતાં. થોડીવાર પછી તો એ બીજા મુસાફરોના સામાનમાં નાખીને ફંફોસવા માંડ્યા અને આખો ડબો માથે લીધો. ડબાના અન્ય મુસાફરોથી હવે સહન કરવું મુશ્કેલ હતું એટલે બધાએ પેલા શૂન્યમનસ્ક થઈને બેઠેલા ભાઈને ઢંઢોળીને કહ્યું, "ભાઈ આ તમારાં બાળકો કેવા તોફાન કરે છે. તમે એને અટકાવતા કેમ નથી?"

બાળકો સહેજ દૂર ગયા એટલે પેલા ભાઈએ મુસાફરોને ધીમેથી કહ્યું, "એ બાળકોના તોફશન બદલ હું આપની માફી માંગુ છું અને હું એમને એટલા માટે નથી અટકાવતો કારણ કે આ તોફાન અને સુખ એના જીવનમાં બહુ ટૂંકા ગાળાનું છે આ બાળકોની મા મૃત્યુ પામી છે અને હું એમને સાથે લઈને ડેડબોડી લેવા જાઉં છું હવે તમે જ કહો આ બાળકોને હું કેવી રીતે ચૂપ કરાવું ?

તમામ મુસાફરોની આંખ ભીની થઇ ગઈ. જે બાળકોની એ લોકો નફરત કરતા હતા. એ જ બાળકોને બીજી જ ક્ષણે વ્હાલ કરતા થઇ ગયા. કોઈએ ચૉકલેટ આપી. કોઈએ બિસ્કિટ આપ્યા તો વળી કોઈએ બહારથી આઇસક્રીમ પણ લઇ આપ્યો. કોઈએ બાળકોને પોતાના ખોળામાં બેસાડ્યા, કોઈએ માથા પર હાથ ફેરવ્યો તો કોઇએ કપાળમાં ચૂમી આપી.

સત્ય જાણ્યા પછી તમામ મુસાફરોનો ગુસ્સો ન જાણે ક્યાં જતો રહયો

જિંદગી માત્ર એ નથી જે આપણે જોઈએ છીએ એ પણ છે જે જોઈ શકવા માટે આપણે સક્ષમ નથી. જ્યારે કોઈની મદદ કે માર્ગદર્શનથી, નથી જોઈ શકતા એ જોતા અને સમજતા થઇશું ત્યારે આપણી નફરત પ્રેમમાં પલટાતા બિલકુલ વાર નહીં લાગે.

- **કાંતિભાઈ કે. પટેલ**, કડોલી

# ગરવા ગુજરાતીઓ

વિશ્વભરમાં સાહસિક પ્રજા તરીકે આગવી ઓળખ ઊભી કરનારા ગુજરાતીઓ અનેક ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વક ખેડાણ કરીને પોતાની શ્રેષ્ઠતાનાં સીમાચિહ્નો સ્થાપિત કરી અન્યો માટે પ્રેરણારૂપ બન્યા છે " .જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદઅપિ ગરીયસી. "એ સૂત્રને સાર્થક કરતા ભારતના પશ્ચિમ તટે આવેલા ખમીરવંતા ગુજરાતીઓથી ગુજરાત રળિયાત બન્યું છે. મહાત્મા ગાંધી દ.આફ્રિકાથી દેશમાં આવ્યા ત્યારે ઘણા નેતાઓ આપણા દેશને અંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત કરવા લડત આપી રહ્યા હતા..તેમના આગમનથી દેશની દશા અને દિશા બદલાઈ ગઇ .સત્ય અને અહિંસાનાં અમોઘ શસ્ત્રો અંગ્રેજો સામેની લડાઈમાં કારગર નીવડ્યાં અને અંતે આપણે સ્વતંત્રતાની હવામાં શ્વાસ લઇ શક્યા .એવા બીજા ગુજરાતી હતા સરદાર વલ્લભભાઈ પટેલ.તેમણે પોતાની કુશાગ્ર બુધ્ધિ અને કુનેહથી દેશને એક અને અખંડિત બનાવ્યો .સ્વતંત્રતા મળતાં ભારતનાં 562 દેશી રાજ્યોને એક સંઘમાં લાવવા સરદાર પટલે આપેલું યોગદાન ભારતનાં ઈતિહાસનું એક સોનેરી પૃષ્ઠ છે.ગાધીજીના સંપર્કમાં આવ્યા બાદ સરદાર સાહેબે પોતાની જાતને દેશને ચરણે સમર્પિત કરી દીધી .આજે તો વારસાગત રાજનીતિ પૂરજોશમાં ચાલુ છે .સરદાર પટેલ કે મહાત્મા ગાંધીજીકે મોરારજી દેસાઇએ - કોઈએ પણ પોતાના વંશજો કે વારસોને માટે કોઇ ટિકિટ કે હોદ્દો માગ્યો કે લીધો નહી.આ ખમીર આજે જોવા મળે ખરું ?

વળી ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાના પત્નીનું અવસાન થતાં 'ભલું થયું ભાંગી જંજાળ ,સુખે ભજીશું શ્રી ગોપાળ' ગાયા અને આવા ઉત્તમ પ્રભુપ્રેમનું ખમીર એક સાચો વૈષ્ણવજન જ દર્શાવી શકે .લોકોને અંધશ્રધ્ધા અને કૂરિવાજોમાંથી મુક્ત કરવા વિવિધ છપ્પા આપનાર અખો ગુજરાતની એક આગવી મિસાલ છે .કવિ નર્મદ ,સ્વામી દયાનંદ સરસ્વતી વગેરે સમાજ સુધારકો ગુજરાતને મળેલી મહામૂલી ભેટ છે .સોરઠની ધરતીના મહાન સાહિત્યકાર જેમના વીરરસવાળાં કાવ્યોથી સમાજમાં રાષ્ટ્રપ્રેમ જગાડનાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી તથા સંગીતકાર તાનસેનના દીપક રાગ ગાવાથી થયેલ શારીરિક દાહની પીડાનું શમન કરનાર વડનગરની નાગર કન્યાઓ તાના-રીરી ને કેમ ભૂલાય ? તો

બહારવટીયાઓને પડકારી તેમનામાં માનવતાના દીવડા પ્રગટાવી સન્માર્ગે વાળનાર મૂકસેવક રવિશંકર મહારાજને યાદ કર્યા વિના કેમ ચાલે ?

માત્ર જાહેર જીવન જ નહીં પણ વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્રે પણ ગુજરાતનું આગવું યોગદાન રહેલું છે. પરદેશો સાથે વેપાર ખેડીને ગુજરાતીઓએ ગુજરાતને સમૃધ્ધ બનાવ્યું છે .આફ્રિકા,યુરોપ ,અમેરિકા,ચીન અને વિશ્વના લગભગ તમામ દેશો સાથે વિદેશ વ્યાપાર વધારીને ત્યાંથી ગુજરાતમાં અઢળક સંપત્તિ ઠાલવી છે.ગુજરાતના જમશેદજી તાતા,રણછોડલાલ છોટાલાલ ,કસ્તુરભાઇ લાલ , અંબાણી,અદાણી, અંબાલાલ, સારાભાઈ, કરસનભાઇ પટેલ ,અજીમ પ્રેમજી, પંકજ પટેલ વગેરે ઉદ્યોગપતિઓનાં નામ વિશ્વકક્ષાએ જાણીતાં છે.

ભારતીય અવકાશશાસ્ત્રના પિતા ડો.વિક્રમ સારાભાઈએ ઇસરો અને ઇંડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેંટ જેવી સંસ્થાઓ સ્થાપીને ચાર ચાંદ લગાવ્યા છે .અણુશક્તિના શાંતિમય ઉપયોગ માટે મથનાર ડો.હોમી જહાંગીર ભાભા તથા નાસામાં એક વરિષ્ઠ ઇજનેર તરીકે સેવા આપતા ડો.પ્રસૂન દેસાઇ ગુજરાતે વિશ્વને ભેટ ધરેલા વૈજ્ઞાનિકો આપણા ધ્રુવ તારકો છે.અવકાશ ક્ષેત્રે ભારતીય મૂળની અમેરિકા નિવાસી સુનિતા વિલિયમ્સ એક ધ્રુવ તારક બની છે .આધ્યાત્મિક ક્ષેત્રે સંત અને શૂરાઓની ગુર્જર ભૂમિએ જલારામ બાપા, બજરંગદાસ બાપા,પુનીત મહારાજ ,પ્રમુખ સ્વામી મહારાજ ,ગંગાસતી જેવા પ્રખર સંતો આપ્યા છે તો સિધ્ધરાજ જયસિંહ અને ભીમદેવ સોલંકી જેવા પ્રતાપી રાજાઓ ની ભેટ ધરી છે.કલાકારો પૈકી અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી ,જેકી શ્રોફ , સંજીવકુમાર ,આશા પારેખ ,ડીમ્પલ કાપડીયા,મલ્લિકા સારાભાઇ ,નિરૂપા રોય વગેરે અભિનયનાં અજવાળાં પાથર્યાં છે .

સાચે જ ગુજરાતની પ્રજા ખમીરવંતી છે.પરદેશી આતતાયીઓનાં જુલમો વખતે ગુજરાતની પ્રજાએ જ સફળ નેતૃત્વ પૂરું પાડ્યું છે .અંગ્રેજોના મીઠાના કાયદાના વિરોધમાં નમક સત્યાગ્રહ) દાંડીકૂચ (અને ખેડૂતો માટેના બારડોલી સત્યાગ્રહ પણ ગુજરાતમાં જ થયેલા .સ્વાતંત્ર્ય માટેની લડતના લડવૈયા ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા એક ગુજરાતી જ હતા .અસહકારના આંદોલન વખતે શાળા કોલેજો છોડવાની વાત ચાલી ત્યારે મહાત્મા ગાંધીએ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી.ગુજરાતની પ્રજા શાંતિપ્રિય અને શાણી છે પણ જરૂર પડ્યે દેશને નેતૃત્વ પૂરું પાડવામાં અગ્રેસર રહી છે.

ગુજરાતનાં પનોતા પુત્ર નરેન્દ્ર મોદીએ ભારત દેશના પ્રધાનમંત્રી તરીકે વૈશ્વિક સ્તરે ભારતનું આગવું સ્થાન અને મહત્વ ઊભું કરી આંતરરાષ્ટ્રીય સંબંધો વિકસાવી ભારતની કીર્તિ

સમગ્ર વિશ્વમાં ફેલાવી છે. .કોરોનાની વૈશ્વિક મહામારીમાંથી ભારતને બચાવવા વ્યાપક મફત રસીકરણ કરી દેશને બચાવવા માટે તેમણે કરેલા અથાક પ્રયાસો હમેશાં યાદ રહેશે .ઝાયડસ કેડીલાના પંકજ પટેલે જૂની ટેકનોલોજીને સ્થાને નવી ટેકનોલોજી વિકસાવી ફાર્માસ્યુટિકલ ક્ષેત્રે હરણફાળ ભરી છે .નિરમાના બેનર નીચે સાયકલ પર ડિટરજંટ પાવડર વેચવાની શરૂઆત કરનાર કરસનભાઇ પટેલ અને ડેનિમની ભેટ આપનાર અરવિંદભાઇ લાલભાઈ વગેરેએ ગુજરાતને ઔધોગિકક્ષેત્રે આગવું સ્થાન અપાવ્યું છે.ભારતના સર્વોચ્ચ સાહિત્યિક પુરસ્કાર જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ઉમાશંકર જોશી ,પન્નાલાલ પટેલ, રાજેન્દ્ર શાહ અને રઘુવીર ચૌધરીનું સાહિત્યક્ષેત્રે સર્જકો તરીકે અનન્ય પ્રદાન રહ્યું છે .સમગ્ર ભારતમાં ક્રિકેટના ભીષ્મપિતા તરીકે ખ્યાતિ મેળવનારા સૌરાષ્ટ્રના વતની રણજીતસિંહની ક્રિકેટર તરીકેની પ્રતિભાને ભારતમાં જ નહીં પણ ક્રિકેટના જન્મદાતા સામા ઇંગ્લેન્ડમાં પણ ભારે સરાહના મળી હતી .દિલ્હીમાં જન્મેલા અને અમદાવાદમાં મોટા થયેલા ગીત શેઠી જેઓને સર્વોચ્ચ રમત પુરસ્કાર 'ખેલરત્ન 'એનાયત થયો છે તેઓની ગૌરવગાથાથી ભાગ્યે જ કોઈ અજાણ હશે .આજે દેશમાં સર્વશ્રેષ્ઠ રાજ્યોમાં ગુજરાત શ્રેષ્ઠ અને ઉચ્ચસ્થાન ધરાવે છે . સમગ્ર વિશ્વમાં ગુજરાતની પ્રતિષ્ઠા આસમાને છે.અને એટલા માટે જ વિશ્વના દેશો તથા રાજપુરુષો ગુજરાત સાથે સંબંધ વિકસાવવા આતુર છે.

--**વસંતભાઇ નાયક**, હિંમતનગર

# જન્મ દિવસની શુભેચ્છાઓ ...

પૂજ્ય ચંદુભાઈને ગુજરાત ફેડરેશન વતી હું જન્મદિનની શુભેચ્છાઓ વ્યક્ત કરું છું. વળી વ્યક્તિગત રીતે મારો જે નાતો તેમની સાથે છે તે સાથે હું હૃદય પૂર્વક જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવું છું. તેમનું સ્વાસ્થ્ય અનુકૂળ રહે અને પોતાના દૈનિક કાર્યમાં સુખ અનુભવતા રહે તેવી શુભેચ્છાઓ. સાચે જ મહાત્માઓ ની એક વિશિષ્ટ વાત યાદ આવે છે કે થીઓસોફીકલ સોસાયટીના કાર્યકરો ખૂબ લાંબુ જીવતા હોય છે; કારણકે ગુરુદેવો તેમની પાસેથી તેમની શક્તિઓનો થીયોસોફીક કાર્યમાં ઉપયોગ કરતા હોય છે.


આવા દીર્ઘાયુ કાર્યકરોએ મને ખૂબ પ્રેરણા આપી છે. તેઓની સાથે કાર્ય કરવાનો આનંદ અનેરો છે, આ મારો અત્યંત ગૌરવ અનુભવવાનો અનુભવ છે.

**હર્ષવદન શેઠ,** પ્રમુખ, જીટીએફ

મુરબ્બી, વડીલશ્રી ચંદુભાઈ પંડ્યાના જન્મદિને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છા પાઠવતા આનંદ થાય

છે.અતિ નમ્ર સ્પષ્ટ વક્તા અને સૌ સાથે પ્રેમાળ વ્યવહાર રાખવાના સ્વભાવ વાળા એવા ચંદુભાઇ સાથે ઘણા સમય કામ કરવાની તક મળી છે. આજે તેમના સ્વસ્થ આરોગ્ય અનેલાંબા સુખી જીવન માટે ગુરુદેવને પ્રાર્થના કરું છું.

**નરેશ ત્રિવેદી,** ભુતપૂર્વ પ્રમુખ, જીટીએફ




## અભિનંદન

**સુશ્રી નયનાબેન હરિહરપ્રસાદ પંડ્યા**ની સંસ્થાના એડિશનલ સેક્રેટરી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે જેને સહર્ષ આવકારીએ છીએ..

# પ્રેરક સંદેશ

ગીતામાં પ્રભુ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે "સંસારમાં સરસો રહે, પણ મન મારી પાસ" એ ઉક્તિને અનુરૂપ આપ કડોલી હરજીવન આશ્રમમાં કાર્ય કરી રહ્યા છો, અદભુત. આપની કાર્ય નિષ્ઠા અને ધ્યેય નિષ્ઠા તો અનુકરણીય છે જ, પણ વ્યવસ્થાપન શક્તિ અને આયોજન શક્તિ પણ પ્રેરણાદાયી છે ખૂબ ખૂબ અભિનંદન.

- વિનાયકભાઈ મેહતા, ખેડાવાડા.

***

ઉમદા કાર્ય કરી રહ્યા છો ભાઈ જીવન સાર્થક છે. આપના કાર્યો જોયા પછી મને ખૂબ જ ઈરછા થાય છે કે હું પણ આવા કામ કરૂં.

જયકાન્તભાઈ જોશી, સંપાદક - પગથાર માસિક, મુંબઇ

## પ્રમુખ શ્રી , જીટીએફ, ભાવનગર...

ગુજરાત વિદ્યાપીઠ મુકામે યોજાયેલ સેમિનારમાં આજે વિશિષ્ટ હસ્તિઓને મળવાની અને આપણા નિર્ધારિત કરેલા પ્રોપેગેશન્સને ધ્યાન ઉપર લાવવા માટેની અમૂલ્ય તક મળી. પરમ મિત્ર અને આદરણીય ડોક્ટર હર્ષદ પટેલ,કુલપતિ ગુજરાત વિદ્યાપીઠ, આપણા સ્નેહી ડોક્ટર અંબાદાન રોહડીયા, તથા અન્ય વિદ્વાન મિત્રોએ ભારતની વૈદિક સંસ્કૃતિ ને ઉજાગર કરતી શૈક્ષણિક પ્રણાલી અંગે ચિંતન કર્યું અને રિપોર્ટ તૈયાર કર્યા. ગુજરાત વિદ્યાપીઠ ના હીરક હોલમાં આપણે યોજેલા અધિવેશન ની યાદો તાજી થઈ. ભવિષ્યમાં પણ આ અંગેનું કાર્ય આપણે કરી શકીએ તેવી આશા રાખીએ છીએ.

હર્ષવદન શેઠ,

# મારી ભાવયાત્રા ....

નમસ્કાર ... વંદન !

ગઈ કાલે રાત્રે મારા માનસમાં એક પ્રશ્ન થયો કે જીવનની કોઈક ક્ષણે જો ઈશ્વરનો સાક્ષાત્કાર થાય, તેમની સમક્ષ આવવા વેળા આવે અથવા પરમાત્માનાં દર્શન થાય તો હું તેમને કેવી રીતે ઓળખી શકીશ ?

જગતના અનેક ધર્મો, સંપ્રદાયો, આધ્યાત્મિક કેન્દ્રોએ, ધર્મ પ્રચારકો, ધર્મ ગુરુઓ, પયગંબરો, સૂત્રધારો, તત્ત્વવિદો, આચાર્યોએ આ દિશામાં યથામતિ બોધ આપ્યો છે, આપતા રહ્યા છે પણ તે પરિભાષા તેમના નિજ અનુભવ કે દર્શનથી ચોક્કસ રીતે પ્રભાવિત રહી છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સ્વયં પરિભાષ કર્યું છે, પ્રમાણિત પણ કરેલ છે. તેમણે તો ઈશ્વરની સગુણ, નિર્ગુણ કે તત્ત્વ રૂપે મીમાંસા કરતાં ઓળખ પણ આપી છે. આપણે તેનો સાચો બોધ, અર્થ ગ્રહણ કરીએ અને તે મુજબની જીવન શૈલી-આચરણ અપનાવીએ તો જ્યારે પણ 'હરિ દર્શન'ની ઘટના ઘટશે ત્યારે ઈશ્વર કે પરમાત્માની ઓળખ માટે કોઈ પરેશાની-અસમંજસ રહશે નહીં એ સત્ય છે.

થિયોસોફીએ પણ ગૂઢ, પરમ ગૂઢ રહસ્યોને પ્રગટ કરવાની સાથે કર્મ અને કર્મના સિધ્ધાંતોની વિસ્તૃત વાત કરી છે. મને લાગે છે તે સઘળું સાહિત્ય પઠન-પાઠન કરતા રહેવું, કંઠસ્થ કરવું જ પર્યાપ્ત નથી. કદાચ કર્મના નિયમ પર હજારો વ્યાખ્યાનો યોજાય, હજાર વાર મીમાંસા કરવામાં આવે તો પણ જ્યાં સુધી તે દૈનિક જીવનમાં આચરણ અવસ્થાને પામતું નથી ત્યાં સુધી પર્યાપ્ત કે સંપૂર્ણ બનતું નથી. આ સંપૂર્ણતા જ 'હરિ-દર્શન' માટે દિવ્યચક્ષુ અથવા સંજય દ્રષ્ટિ સમાન છે.

આપણે જો એ સત્યનો સ્વીકાર કરી દરેક મનુષ્યમાં ઈશ્વરનો અંશ, દૈવી તત્ત્વથી સંપન્ન છે એમ સ્વીકાર કરી લઈએ તો એનો અર્થ એ પણ થઈ શકે છે કે, આપણા બધા જ પ્રપંચો, મિથ્યાચારો, દંભ, કામ, ક્રોધ, મોહ, ઈર્ષા, દ્વેષ, અહંકાર - બધું જ ઈશ્વરની હાજરીમાં જે કોઈ ને કોઈ સ્વરૂપે તેના અંશાવતાર રૂપે પ્રગટ છે, તેની વિરુદ્ધમાં આપણે આચરી રહ્યા છીએ. તે જ વક્તા, ધર્મજ્ઞ કે મર્મજ્ઞનો ઉપદેશ, વક્તવ્ય અસરકારક ત્યારે જ નીવડી શકે છે જ્યારે તેનું આચરણ શત-પ્રતિશત વિશુધ્ધ - સ્વચ્છ - નિર્મળ હોય. ભગવાન બુધ્ધ ત્યાં સુધી બાળકને ગોળ ન ખાવાનો ઉપદેશ આપી શક્યા નહોતા, જ્યાં સુધી સ્વયં ગોળ ખાતા રહ્યા હતા.

કેટલા સમયથી અને કેટલી વાર આપણે આ પ્રકારનાં પુસ્તકોનું વાંચન કરતા રહ્યા છીએ ? હિસાબ કરી જોવો પડે. સઘળું પ્રભાવ રહિત હોય તો પછી આચરણની ઉણપ છે એમ માની શકાય ?

કૃષ્ણમૂર્તિજીની અવસ્થા પામવી ખરેખર કઠિન છે. ઉચ્ચ અવસ્થાને પામ્યા પછી પણ તેમણે

ક્યારેય ઉપદેશક કે વક્તા બનવાની કોશિશ કરી નથી તે સત્ય છે. તેઓ માનવ સમુદાય સાથે આજીવન વાર્તાલાપ (Talk) , સંવાદ કરીને જ વ્યક્ત થતા રહ્યા છે. તેમણે કોઇને પણ અનુયાયી બનાવ્યો નથી. સ્વંય સાધનાધર્મી બની, સ્વાનુભવે જ આધ્યાત્મિક માર્ગ પ્રશસ્ત કરતા રહેવાનો આગ્રહ સેવ્યો છે.

આપણા મનમાં આત્મશુધ્ધિ, સદાચારનો ખ્યાલ વિકાસ પામે અને તેના આચરણથી વ્યવહાર સંપન્ન બને તો જ સાચા આધ્યાત્મ્યની જ્યોતિ પ્રગટે અને 'હરિ દર્શન'ની ઘટના સંભવ બની શકે.

આપણા આરોગ્યનો ખ્યાલ આપણે જ રાખવો પડે, અન્યથા બીમારીઓ વધી શકે છે. પછી ડોક્ટર તો ઉપચાર કરી શકે છે, પણ આરોગ્ય અંગેનો વાસ્તવિક બોધ કે સમજણ તો આપણી જ કારગર નીવડી શકે છે.

અસ્તુ !

- દીપક પંડ્યા

(1)

## તમારી જાત પર વિશ્વાસ રાખો અને લડ્યા વગર હાર ન માનવી જોઈએ, સકારાત્મક વિચારસરણી દરેક સમસ્યાને દૂર કરી શકે છે

ભૂતકાળમાં એક રાજા પોડાશી રાજ્યનું રાજપાઠ હડપવા માગતો હતો. તેના માટે શત્રુ રાજ્યોએ રાજાના બીજા શત્રુઓની સાથે હાથ મિલાવ્યો અને આક્રમણ કરવા માટે સેના બોલાવી.

બધા શત્રુઓ એક સાથે આવી ગયા હતા. તેના કારણે તેમની સેના ઘણી મોટી થઈ ગઈ હતી. જ્યારે આ વાત રાજાને ખબર પડી તો તે ગભરાઈ ગયો. રાજા તરત જ પોતાના સેનાપતિની પાસે પહોંચ્યો. સેનાપતિ પણ ગભરાઈ ગયો હતો.

સેનાપતિએ જ્યારે શત્રુઓની સેના વિશે સાંભળ્યું તો તેને રાજાને કહ્યું કે હવે આપણી હાર નક્કી છે. શત્રુઓની સંખ્યા ઘણી મોટી છે. આપણી સેના તેનો સામનો નહીં કરી શકે. આપણે પહેલાથી જ હાર માની લેવી જોઈએ. આવું કરવાથી બધા લોકોનો જીવ બચી જશે.

આ વાત સાંભળીને રાજાની ચિંતા વધી ગઈ. તે તરત પોતાના ગુરુની પાસે પહોંચ્યો. ગુરુ ઘણા વિદ્વાન સંત હતા. રાજાએ ગુરુને સમગ્ર વાત જણાવી. સંતે કહ્યું કે, રાજન સૌથી પહેલા તો તે સેનાપતિને જેલમાં પૂરી દેવો જોઈએ. સેનાપતિનું કામ હોય છે સેનાનો ઉત્સાહ વધારવાનો, પરંતુ આ તે સેનાનું મનોબળ કમજોર કહી રહ્યો છે.

રાજાએ પૂછ્યું કે, જો અમે સેનાપતિને જેલમાં પૂરી દઈશું તો સેનાપતિને કોણે બનાવીશું. ગુરુએ કહ્યું કે, તમારી સેનાનું પ્રતિનિધિત્વ હું કરીશ એટલે હવેથી હું સેનાપતિ. આ સાંભળીને રાજાને કંઈ સમજાયું નહીં કે શું કરવું અને શું ન કરવું? પરંતુ, ગુરુની વાત માન્યા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. રાજાએ સંતની વાત સાંભળીને સેનાપતિને પદથી હટાવી દીધો.

સંત સેનાની સામે પહોંચ્યા અને સેનાને લઈને યુદ્ધ લડવા માટે પહોંચ્યા. રસ્તામાં એક મંદિર આવ્યું તો સંતે કહ્યું કે, થોડીવાર અહીં પ્રતિક્ષા કરો હું ભગવાનને પૂછીને આવું છું કે આપણને આ યુદ્ધમાં જીત મળશે કે નહીં.

આ વાત સાંભળીને સેના આશ્ચર્યચકિત થઇ ગઈ કે પત્થરની મૂર્તિ કેવી રીતે જવાબ આપશે? પરંતુ સંત વિશે બધા જાણતા હતા કે તેઓ વર્ષોથી પૂજા-પાઠ કરી રહ્યા છે તો શક્ય છે કે ભગવાન સાથે તેમની વાતચીત થતી હશે.

આ વાત સાંભળીને સેના આશ્ચર્યચકિત થઇ હતી કે પત્થરની મૂર્તિ કેવી રીતે જવાબ આપશે? પરંતુ સંત વિશે બધા જાણતા હતા કે આ વર્ષોથી પૂઠા પાઠ કરી રહ્યા છો તો શક્ય છે કે ભગવાન સાથે તેની વાતચીત થતી હશે.

થોડીવાર બાદ સંત પાછા આવ્યા અને તેમને સેનાને કહ્યું ભગવાને કહ્યું છે- જો આજ રાત્રે મંદિરમાં રોશની દેખાય તો સમજી જવું કે તમારી સેનાની જીત થશે. તે સમયે સાંજ થવા આવી હતી. સેના રાત થવાની રાહ જોવા લાગી. જ્યારે અંધારું થવા લાગ્યું તો તમામ સૈનિકોએ જોયું કે, મંદિરમાં રોશની થઇ રહી છે. આ જોઈને સંપૂર્ણ સેનાનું મનોબળ વધી ગયું અને તમામ લોકો કહેવા લાગ્યા કે ભગવાન પણ આપણી સાથે છે. જીત આપણી જ થશે.

બીજા દિવસે મનોબળની સાથે સેના શત્રુઓ પર ટૂટી પડી. થોડા જ દિવસોમાં શત્રુઓની સેનાની હાલત ખરાબ થઈ ગઈ. કેટલાક સૈનિકો મેદાન છોડીને ભાગી ગયા અને કેટલાક લોકોએ આત્મસમર્પણ કર્યું. આ રીતે રાજાની સેના યુદ્ધ જીતી ગઈ.

યુદ્ધ જીત્યા બાદ સેના પોતાના રાજ્યામાં પાછી રહી હતી તો રસ્તામાં તેઓ મંદિરમાં પાછા આવ્યા. સેનાએ સૈનિકોને જણાવ્યું કે, તે દિવસે મેં અહીં એક દિવો પ્રગટાવ્યો હતો. દિવસ હોવાને કારણે દીવાનો પ્રકાશ નહોતો દેખાતો, પરંતુ અંધારું થતાં દીવાનો પ્રકાશ દેખાવા લાગ્યો તો તમારા બધાનું મનોબળ વધી ગયું, આ મનોબળથી આપણને જીત મળી છે.

બોધપાઠ- મનમાં ઉત્સાહ હશે તો કોઈ કામ મુશ્કેલ નહીં લાગે. મોટામાં મોટું કામ પણ મનોબળની સાથે કરવાથી સફળતા મળે છે. તેથી હંમેશાં સકારાત્મક રહેવું અને નકારાત્મક વિચારોથી દૂર રહેવું.

(2)

# સમજ્યા-વિચાર્યા વિના કોઇ પરિણામ ઉપર પહોંચવુ જોઇએ નહીં, પરિસ્થિતિઓને સમજીને આગળ વધશો તો સફળતા ચોક્કસ મળશે...

એક રાજાએ મહેલના દરવાજા ઉપર એક સૂત્ર લખાવ્યું અને ઘોષણા કરી દીધી કે જે આ સૂત્રનો ઉકેલ કરશે, તેને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવી દેવામાં આવશે.

પ્રાચીન સમયમાં એક રાજાને કોઇ બાળક હતું નહીં. જેથી રાજા-રાણી આ વાતને લઇને ખૂબ જ દુઃખી હતાં. વૃદ્ધાવસ્થામાં રાજાને આ વાતની ચિંતા થવા લાગી કે રાજ્યનો ઉત્તરાધિકારી કોણ બનશે? ત્યારે મંત્રીઓએ સલાહ આપી કે આપણે રાજ્યના કોઇ યોગ્ય વ્યક્તિને ઉત્તરાધિકારી ઘોષિત કરી દેવો જોઇએ.

રાજા મંત્રીઓની વાત સાથે સહમત થયાં. તેમણે યોગ્ય વ્યક્તિ પસંદ કરવા માટે એક પરીક્ષા રાખી. રાજાએ પોતાના મહેલના બંધ દરવાજા ઉપર ગણિતનો એક સૂત્ર લખાવી દીધો અને રાજ્યમાં ઘોષણા કરાવી દીધી કે જે વ્યક્તિ આ સૂત્રનો ઉકેલ શોધી લેશે, તેમના માટે આ દ્વાર આપમેળ જ ખુલી જશે અને તેને રાજ્યનો ઉત્તરાધિકારી ઘોષિત કરી લેવામાં આવશે.

આ ઘોષણા સાંભળીને રાજ્યના મોટા-મોટા ગણિત શાસ્ત્રી અને અન્ય બુદ્ધિમાન લોકો મહેલના દ્વાર સુધી પહોંચી ગયાં. બધા લોકો દરવાજા પાસે ઊભા રહીને સૂત્રનો ઉકેલ શોધવાની કોશિશ કરવા લાગ્યાં. સવારથી સાંજ થઇ ગઇ, પરંતુ કોઇ વ્યક્તિ આ સૂત્રનો ઉકેલ શોધી શક્યો નહીં. ત્યાં દૂર ઊભેલો એક યુવક પણ આ બધું જ જોઇ રહ્યો હતો. સાંજે બધા લોકો પોત-પોતાના ઘરે પાછા ફર્યાં. ત્યારે જ તે યુવક આવ્યો અને તેણે ધીમેથી દરવાજાને ધક્કો માર્યો તો દરવાજો ખુલી ગયો.

દરવાજો ખુલ્યા પછી યુવક મહેલની અંદર પહોંચી ગયો. જ્યારે રાજ્યના લોકોને આ વાતની જાણ થઇ ત્યારે બધા એ વાત જાણવા માટે મહેલ પહોંચી ગયા કે યુવકે સૂત્રનો ઉકેલ કેવી રીતે કર્યો? રાજાએ પણ તે યુવકને પૂછ્યું કે તેણે આ સૂત્રનો ઉકેલ કઇ રીતે કર્યો?

યુવકે કહ્યું કે હું બધાને સૂત્રનો ઉકેલ શોધતાં જોઇ રહ્યો હતો. પરંતુ મોટા-મોટા ગણિત શાસ્ત્રી પણ આ સૂત્રનો ઉકેલ શોધવામાં સફળ થઇ શક્યા નહીં ત્યારે મેં વિચાર્યું કે બની શકે આ સૂત્ર જ યોગ્ય ન હોય. દરવાજાનો સૂત્ર સાથે કોઇ સંબંધ જ ન હોય. આ વિચારીને મેં દરવાજાને ખોલવાની કોશિશ કરી અને દરવાજો ખુલ્લી ગયો. વાસ્તવમાં તે કોઇ સૂત્ર હતું જ નહીં. રાજા યુવકની વાત સાંભળીને

ખૂબ જ ખુશ થયાં અને તેમણે તે યુવકને પોતાનો ઉત્તરાધિકારી ઘોષિત કરી દીધો.

બોધપાઠ- રાજાએ માત્ર તર્ક શક્તિ પારખવા માટે આ પરીક્ષા રાખી હતી. માત્ર તે યુવક પોતાની બુદ્ધિમાનીથી પરીક્ષામાં સફળ થઇ શક્યો, કેમ કે તેણે પરિસ્થિતિને સમજી. સૂત્ર અને દરવાજાનો કોઇ સંબંધ છે કે નહીં. તે પારખવાની કોશિશ કરી અને તેની આ બુદ્ધિમાનીથી દરવાજો ખુલી ગયો. આપણાં જીવનમાં પણ અનકેવાર આવું જ થાય છે. કોઇ પરેશાની ખૂબ જ નાની હોય છે, પરંતુ સમજ્યા-વિચાર્યા વિના તેને મોટી માની લેવામાં આવે છે અને પરિણામ ઉપર પહોંચી જઇએ છીએ અને તેનો ઉકેલ શોધી શકતાં નથી. જ્યારે પરિસ્થિતિને સમજીને આગળ વધવાથી સફળતા ચોક્કસ મળી શકે છે.

- **પ્રસ્તુતિ : કૈલાસબા રાઠોડ, કડોલી**

## એકધારી ફૂલની....

એકધારી ફૂલની કેવી નજર છે.
એમ લાગે કે ગઝલનું એ જ ઘર છે.

શબ્દ બોલે તોય સંભળાશે નહી આ –
પાનખરની ભીતરે એવી અસર છે.

સાથ છોડીને તમે ચાલ્યા ગયા છો,
ત્યારથી મંઝિલ બધીયે બેખબર છે.

હુ મને શોધી ભલે થાકી ગયો છું,
એકધારી ચાલતી મારી સફર છે.

રાત પડતા જીવતી લાશો બને છે
ફૂટપાથો એમ લાગે કે કબર છે.

– કલ્પેશ સોલંકી "કલ્પ"

## વ્યર્થ દુનિયામાં પ્રણયને....

વ્યર્થ દુનિયામાં પ્રણયને આંધળો કહેવાય છે;
તુ નયન સામે નથી તોપણ મને દેખાય છે.

જ્યાં જુઓ ત્યાં બધે એક જ વદન દેખાય છે;
કોઈને એક વાર જોયા બાદ આવું થાય છે.

એમ તો એનું અચાનક પણ મિલન થઈ જાય છે;
શોધમાં નીકળું છું ત્યારે જ એ સંતાય છે.

આવ મારાં આંસુની થોડી ચમક આપું તને,
તું મને જોઈને બહુ ઝાંખી રીતે મલકાય છે.

એટલે સાકી, સુરા પણ આપજે બમણી મને,
મારા માથા પર દુ:ખોની પણ ઘટા ઘેરાય છે.

હોય ના નહિ તો બધોય માર્ગ અંધારભર્યો,
લાગે છે કે આપની છાયા બધે પથરાય છે.

હું કરું છું એના ઘરની બંધ બારી પર નજર,
ત્યારે ત્યારે મારી આંખોમાં જ એ ડોકાય છે.

પ્યાર કરવો એ ગુનો છે એમ માને છે જગત,
પણ મને એની સજા તારા તરફથી થાય છે.

છે લખાયેલું તમારું નામ એમાં એટલે,
લેખ મારાથી વિધિના પણ હવે વંચાય છે.

છે અહીં 'બેફામ' કેવળ પ્રાણની ખુશબૂ બધી,
પ્રાણ ઊડી જાય છે તો દેહ પણ ગંધાય છે.

– 'બેફામ'

## એમ શાને થાય છે...

એમ શાને થાય છે તારા વગર રહેવાય નૈ,
ને વળી આ લાગણીને પ્રેમ પણ કહેવાય નૈ.

ખૂબ ઊંડેથી તને હું સાદ દઉં છું ને છતાં,
તું મળે પ્રત્યક્ષ ત્યારે 'કેમ છે?' પુછાય નૈ.

રાહ તારી જોઉં કે નીરખું કે હું ઝંખું તને ,
ત્રણ ઘટનાઓથી આગળ આ કથા કંઇ જાય નૈ.

હુંય એ જાણું જ છું કે તું બધું જાણે જ છે,
તુંય એ જાણે જ છે કે કંઈ બધું કહેવાય નૈ.

એટલી નાજુક છે તારી નિકટતા, કે તને-
એ તૂટી જાવાના ડરથી સ્પર્શ પણ કંઇ થાય નૈ.

એક દી તું આ નજરથી દૂર થઈ જાશે અને
હું કહી પણ ના શકીશ કે કંઇ મને દેખાય નૈ.

મ્હેકતો ગજરો હશે તારી લટોમાં ને અહીં –
એ સ્થિતિ મારી હશે કે શ્વાસ પણ લેવાય નૈ.

આ બધું કેવી રીતે છે આ બધું શા કારણે ?
આ બધું કહેવાય નૈ , સહેવાય નૈ, સમજાય નૈ.

– રિષભ મહેતા

## અસિમ રાંદેરીને આખરી વિદાય

જાણીતા ગુજરાતી ગઝલકાર અસિમ રાંદેરીનું આજે મોડી રાતે ૧૦૫ વર્ષની વયે નિધન થયું હતુ,રાંદેરમાં પહેલો ગુજરાતી મુશાયરો કરનારા અસિમ રાંદેરીને કલાપી એવોર્ડ ,વલી ગુજરાતી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.'લીલા' નામના પાત્ર પર તેમણે લખેલું પુસ્તક 'લીલા' ખુબજ જાણીતુ બન્યુ હતુ,

"કંકોત્રીથી એટલુ પુરવાર થાય છે,
નિષ્ફળ બને જો પ્રેમ તો વ્યવહાર થાય છે"

જેવા શેર ના રચયિતા અસિમ રાંદેરીની વિદાયથી ગુજરાતી ગઝલ ને મહામુલી ખોટ પડવાની છે

આ સાથે તેમની ખુબજ જાણીતી રચના "કંકોત્રી"

મારી એ કલ્પના હતી, વીસરી મને,
કિન્તુ એ માત્ર ભ્રમ હતો થૈ ખાતરી મને,
ભૂલી વફાની રીત, ન ભૂલી જરી મને,
લ્યો એના લગ્નની મળી કંકોતરી મને !
સુંદર ના કેમ હોય, કે સુંદર પ્રસંગ છે,
કંકોતરીમાં રૂપ છે, શોભા છે, રંગ છે !

કાગળનો એનો રંગ છે ખીલતા ગુલાબ સમ,
જાણે ગુલાબી એના વદનના જવાબ સમ,
રંગીનીઓ છે એમાં ઘણી ફૂલછાબ સમ,
જાણે કે પ્રેમ-કાવ્યોની કોઇ કિતાબ સમ !

જાણું છું એના અક્ષરો વર્ષોના સાથથી,
શિરનામું મારૂ કીધું છે ખુદ એના હાથથી.

છે એને ખાતરી કે હું આવું નહીં કદી,
મારી ઉપર સભાને હસાવું નહીં કદી,
દીધેલ કૉલ યાદ અપાવું નહીં કદી,
મુજ હાજરીથી એને લજાવું નહીં કદી,
દુઃખ છે હજાર, તો ય હજી એ જ ટેક છે,
કંકોતરી નથી, આ અમસ્તો વિવેક છે !

કંકોતરીથી એટલું પુરવાર થાય છે,
નિષ્ફળ બને છે પ્રેમ તો વે'વાર થાય છે-
જ્યારે ઉઘાડી રીતે ન કંઈ પ્યાર થાય છે,
ત્યારે પ્રસંગ જોઈ સદાચાર થાય છે.
ગંભીર છે આ વાત કોઈ મશ્કરી નથી,

તકદીરનું લખાણ છે, કંકોતરી નથી !

કાગળનો એક કટકો છે જોવામાં એમ તો,
ભરપૂર છે એ પ્રેમની ભાષામાં એમ તો,
સુંદર, સળંગ રમ્ય છે શોભામાં એમ તો,
છે ફૂલસમ એ હલકો લિફાફામાં એમ તો,
કોમળ વદનમાં એના, ભલે છે હજાર રૂપ,
મારા જીવન ઉપર તો બરાબર છે ભારરૂપ !

એને ભલેને પ્રેમથી જોયા નહીં કરું,
વાચન કરીને દિલ મહીં ચીરા નહીં કરું,
સંયમમાં હું રહીશ, બળાપા નહીં કરું,
આવેશમાં એ 'ફૂલ' ના કટકા નહીં કરું.
આ આખરી ઇજન છે હૃદયની સલામ દઉં,
'લીલા'ના પ્રેમ-પત્રમાં એને મુકામ દઉં.

'આસિમ' ! હવે એ વાત ગઈ, રંગ પણ ગયો,
તાપી તટે થતો જે હતો સંગ પણ ગયો,
આંખોની છેડછાડ ગઈ વ્યંગ પણ ગયો,
મેળાપની એ રીત ગઈ ઢંગ પણ ગયો.
હું દિલની લાગણીથી હજી પણ સતેજ છું,
એ પારકી બની જશે, હું એનો એ જ છું !

-આસિમ રાંદેરી

(1)

## જીવનભરના તોફાન ખાળી રહ્યો છું...

જીવનભરના તોફાન ખાળી રહ્યો છું, ફકત એના
મોઘમ ઈશારે ઈશારે.
ગમે ત્યાં હું ડૂબું, ગમે ત્યાં હું નીકળું, છે મારી
પ્રતિક્ષા કિનારે કિનારે.

અહીં દુખની દુનિયામાં એક રંગ જોયો, ભલે
સુખનું જગ હો પ્રકારે પ્રકારે.
સુજનની કબર કે ગુનેગારની હો, છે સરખી
ઉદાસી મઝારે મઝારે.

હૃદય મારું વ્યાપક, નજર મારી સુંદર, કલા મારી
મોહક વિચારે વિચારે.
નથી આભને પણ કશી જાણ એની, કે મેં ચાંદ
જોયા સિતારે સિતારે.

અમારા બધાં સુખ અને દુખની વચ્ચે, સમયના
વિના કંઈ તફાવત ન જોયો.
બધીયે મજા હતી રાતે રાતે, ને સંતાપ એનો
સવારે સવારે.

નથી ઝંખના મારી ગમતી જો તમને, તો એનું
નિવારણ તમારું મિલન છે.
તમે આમ અવગણના કરતા જશો તો, થતી રહેશે
ઈચ્છા વધારે વધારે.

અમસ્તો અમસ્તો હતો પ્રશ્ન મારો, હકીકતમાં
કોની છે સાચી બુલંદી.
જવાબ એનો દેવા ઊઠી આંગળીઓ, તમારી
દિશામાં મિનારે મિનારે.

જગતમાં છે લ્હાવા કદમ પર કદમ પર, ફક્ત એક
શરત છે ગતિમાન રહેવું.
નવા છે મુસાફર વિસામે વિસામે, નવી સગવડો
છે ઉતારે ઉતારે.

મરણ કે જીવન હો એ બન્ને સ્થિતિમાં, 'મરીઝ'
એક લાચારી કાયમ રહી છે.
જનાજો જશે તો જશે કાંધે કાંધે, જીવન પણ ગયું
છે સહારે સહારે.

(2)

## જીવન બની જશે...

જ્યારે કલા, કલા નહીં, જીવન બની જશે,
મારું કવન જગતનું નિવેદન બની જશે .

શબ્દોથી પર જો દિલનું નિવેદન બની જશે,
તું પોતે તારા દર્દનું વર્ણન બની જશે .

જે કંઇ હું મેળવીશ હમેશા નહીં રહે ,
જે કંઇ તું આપશે તે સનાતન બની જશે.

મીઠા તમારા પ્રેમના પત્રો સમય જતાં,
ન્હોતી ખબર કે દર્દનું વાચન બની જશે.

તારો સમય કે નામ છે જેનું ફકત સમય,
એને જો હું વિતાવું તો જીવન બની જશે .

તારું છે એવું કોણ કે માગે સ્વતંત્રતા !
મારું છે એવુ કોણ જે બંધન બની જશે ?

આંખો મીંચીને ચાલશું અંધકારમાં 'મરીઝ'
શંકા વધી જશે તો સમર્થન બની જશે .

– 'મરીઝ'

## જીવનમાં ભાગવતનો હાર્દ ઉતારોકથા બોધ ભાગવતને બહાને એકનાથ, રાનડેજી, ગાંધીજી, વિનોબા ભાવે, બાલકોબા ભાવે ને વગેરે ધૂરંધરોને યાદ કરીએ...

માર્ટીન લ્યુથર કીંગ નામના કાળા રંગના કથાકારે બહુ
જ વહેલાસર કહેલું કે જે કથાકાર કે પ્રવચનકાર પાસે
એક જ શબ્દ હોય અને તે શબ્દ હોય કીરતાર'-ગોડ'

પછી તેને લાંબી કથા કરવા બીજું શું જોઇએ? પાંડુરંગ શાસ્ત્રી, તે પહેલાં ડોંગરેજી મહારાજ અને આજે આખા સુરત જિલ્લા અને દૂર દૂરના કૃષ્ણ ભક્તોને કૃષ્ણના રંગથી રંગતા ભાઈશ્રી રમેશ ઓઝા પાસે પણ એક જબ્બર શબ્દ છે અને તે છે કૃષ્ણ! સ્પેનિશ લડવૈયો જે સરવન્ટીસ નામ ધરાવતો તે કૃષ્ણ જેવો જ યોદ્ધો હતો અને સાહિત્યકાર-રંગીલો હતો. તેણે બરાબર ચારસો વર્ષ પહેલાં કહેલું હી હુ લીવ્ઝ વેલ, પ્રીચીઝ વેલ એન્ડ ટેલ્સ ધ સ્ટોરી વેલ.' અર્થાત્ જે કથાકાર કે વાર્તાકાર પોતે જ ખુશમિજાજમાં રહેતો હોય કે આઠેય પહોર આનંદમા હોય તે સારી કથા કહી શકે. સરવન્ટીસ ઉત્તમ વાર્તાકાર હતો અને તમે સુરતમાં ભાઈશ્રી રમેશ ઓઝાની કથામાં જે રીતે ગામે ગામના ભાવુક લોકો જબ્બર મેદનીમાં કડકડતી ઠંડીમા ભેગા થયા તેમ ત્યારે બાળકો ટોળે વળીને ધાર્મિક કથા સાંભળતા. રામકથા કહેનારા મોરારિબાપુ કે ભાગવત કથા કહેનારા ભાઈશ્રી પોતે હંમેશાં હસતા હોય, ખુશમિજાજ હોય અને ભાગ્યે જ મેં ગુસ્સે થતાં જોયા છે.

જગતભરનાં બાળકોને વાર્તારૂપે ધર્મકથા સાંભળવી બહુ ગમે છે. પહેલાના જમાનામાં માઇક્રોફોન નહોતા ત્યારે અમારી કથાકારની નજીક ((મોઢાગળ)) બેસવાની સ્પર્ધા જામતી. કૃષ્ણની વાર્તા હોય પછી શું બાકી? એવી જ રીતે અમે મહુવાની પીરની જગામાં મુસ્લિમોના તહેવારમાં જઇએ તો પીરના બાપુ કે અલીભાઇ પાસે પ્રથમ કોઇપણ ધર્મની ધર્મકથા સાંભળવા બાપુનો જીવ' ખાઇએ. પણ અમને આખરી મજા ડોંગરે મહારાજ કે પાડુરંગ શાસ્ત્રી અને છેલ્લે ભાઈશ્રી રમેશ ઓઝા જે કૃષ્ણની રમણીયતા, પ્રેમાળતા અને સખાભાવની વાત કહેતા ત્યારે પડતી અને કથા સાંભળવામાં તલ્લીન થઈ જતા. પહેલાં તો ભાગવત સંસ્કૃતમાં જ હતું. બલ્કે તમામ ધર્મગ્રંથો સંસ્કૃત કે પુરાણી ભાષાઓમાં હતા. નરસિંહ મહેતા પછી ચારણ કવિ ઈસર બારોટે તે સમયની ચારણી ભાષામાં સંવત ૧૫૬૦માં તેનો રસાસ્વાદ કરાવેલો. ((૫૧૦ વર્ષ પહેલાં ૧૫૦૪ની સાલમાં)) કવિ માધવદાસથી માંડી કવિ દયારામ વગેરેએ તો ભાગવત કથાના ગુણગાન ગાયા પણ પછી વિનોબા ભાવે પણ તેમાં બાકી ન રહ્યા. અમે તો વિનોબાના નાનાભાઇ બાલકોબા ભાવે પાસે ઉરૂલીકાંચન નિસર્ગોપચાર આશ્રમમાં ૧૯૫૫-૫૬માં ભાગવત સાંભળેલું.

વિનોબા ભાવેએ પવનાર બેઠા કહેલું કે એકનાથનું ભાગવત અને તુલસીદાસનું રામાયણ સરખા છે. એકનાથજીએ રામાયણ પણ લખેલી પણ તેનો આત્મા ભાગવતમાં રહેલો છે. એકનાથના ભાગવતે જ રાનડે ને પાગલ બનાવી દીધા હતા. વાચક કહેશે અરે ભાઈ! હજી માંડ રમેશભાઈ કે વિનોબા ભાવેને જાણીએ છીએ ત્યાં આ એકનાથને ક્યાંથી લાવ્યા? આ વળી રાનડે કોણ છે? એકનાથજી મહારાષ્ટ્રના પરમતપસ્વી અને કૃષ્ણ ભક્ત યોગી હતા. એમણે હઠ કરીને કૃષ્ણ દર્શન કરેલાં. અને પછી ભાગવત કથા લખેલી. હવે આવે છે દેશભક્ત એવા મહાદેવ ગોવિંદ રાનડે! અરે બાબા! આ રાનડે તો ગજબના માણુસ હતા. પ્રખર ધારાશાસ્ત્રી હતા. પુરા મહારાષ્ટ્ર નહીં પણ દક્ષિણ ભારતના ભાગ્યવિધાતા રાનડે માત્ર વકીલાત કરતા નહીં. અર્થશાસ્ત્ર અને ઈતિહાસ વિશે પ્રવચન આપતા. મહાત્મા ગાંધીજી રાનડેજી વિશે લખે છે કે, પોતાના કાનૂનના કલાયન્ટ ((અસીલ)) પ્રત્યે તેની કાળજી એટલી બધી હતી કે રાનડેજી એક વખત ટ્રેન ચૂકી ગયેલા તો પોતે પોતાને

ખર્ચે સ્પેશિયલ ટ્રેન ભાડે કરી સમયસર કોર્ટમાં પહોંચ્યા. હવે નવી પ્રજા પૂછશે કે આ ભાગવત કથા શું છે અને ભાઈશ્રી રમેશ ઓઝા વિશે લોકો ન જાણતા હોય એવુ શું છે? તો ભાઈશ્રી રમેશભાઈના બચપણ વિશે જાણવું હોય તો શ્રી રમેશભાઇ જેના ખોળામાં રમેલા કે કરુણ શંકરભાઇ ઓઝાને મળવું પડે.

ભાઈશ્રી રમેશભાઈ રાજુલા પાસે દેવકામાં જન્મેલા. રમેશભાઈના બાપુજી નહીં પણ શ્રી રમેશભાઈના દૂરના કાકા ભાગવત કથા કરતાં ત્યારે તેની આંગળી પકડીને તે કથા સાંભળવા જતા. રમેશભાઈના દાદીમાં ભાગીરથમાં જબ્બર વાચક હતા. એમાંય આધ્યાત્મિક પુસ્તકો ઘણા રહેતા. રમેશભાઈના પિતા તો મુંબઈમાં દવાની દુકાનમાં નોકરી કરતા પણ તમામ ધર્મકથાઓ અને ખાસ તો ભાગવત કથાનું સિંચન બચપણથી સગાંવહાલાઓએ કરેલું. તેમના દૂરના કાકા જીવરાજભાઇ ઓઝાની ઈચ્છા હતી કે રમેશભાઈ કથાકાર બને. રમેશભાઈની બુલંદ અવાજ સાથે વેધક આંખો જે મોરારિબાપુની આંખોની જેમ હિપ્નોટાઈઝ કરી શકે! આ ભાગવતમાં શું મૂલ્યવાન છે તે જણાવવું છે. રમેશભાઈના સગા શ્રી કરુણાશંકરભાઈએ કહ્યું ((૧)) ભાગવતમાં સૌથી સુંદર વસ્તુ ગણિતશાસ્ત્ર, ખગોળ અને ભૂગોળ છે. ((૨)) ભાગવતમાં પૃથુ રાજાનું ચરિત્ર છે. તેમા શાસક, રાજા કે સત્તાધીશની ફરજો અને ધર્મ શું છે તે જણાવ્યું છે. તેનું જ્ઞાન સદીઓ સુધી આપણા નરેન્દ્ર મોદી સહિતના સત્તાધીશો જો ભાગવત સાંભળે તો જાણવા મળે. ((૩)) રાજાના ધર્મો તો ખરા પણ પ્રજાનો ધર્મ શું છે? દરેક નાગરિકે કેવી નીતિમત્તા કેમ જાળવવી તે ખાસ જણાવ્યું છે. કોઈ પણ અહમ વચ્ચે લાવ્યા વગર પ્રજાનાં હિતમાં જ કામ કરવું અને કોઈ પણ વસ્તુમાં, સત્તામાં કે મિલકતનો મોહ ન રાખવો. અનાસકત રહેવું.

આજકાલ સુરતમાં ગામડાં-શહેરના લોકો ભાઈશ્રી રમેશ ઓઝાની કથામાં બરાબર ધ્યાનથી ઉપરનું ભાગવતનું હાર્દ સમજે તો પણ ઘણું છે. એક જ હીરાઘસુ આ ભાગવતનો ઉપદેશ ઉપર મુજબ જીવનમાં ઉતારશે તો તેનુ પુણ્ય કથા યોજનારને લાગશે. ભાઈશ્રી રમેશ ઓઝાએ કથાનું કામ પૂર્ણ ક્રયા પછી હવે શિક્ષણમાં તમામ મન પરોવ્યું છે. પોરબંદરમાં જબ્બર શિક્ષણ સંસ્થા છે. ((સાંદીપની નિકેતન)) મકરંદ દવેના ગામ પાસે સાપુતારામાં આદિવાસી માટે શિક્ષણસંસ્થા છે. દેવકામાં વિદ્યાપીઠ ઊભી કરી છે અને કચ્છમાં કન્યા છાત્રાલયને મદદ કરે છે. તેમના ગળાના સૂરની મીઠાશ શિક્ષણ દ્વારા લાખો અને સરવાળો કરોડોને પહોંચશે.

- **ડૉ વસંત પંચાલ,** અમદાવાદ

**1)**

## " જીવન"

જીવન કદાચ એટલે જ સુંદર છે,

કારણ કે એમાં મુશ્કેલીઓ છે,

પરેશાનીઓ છે, બાધાઓ છે,

રૂકાવટો છે, અડચણો છે,

યાતનાઓ છે, અભાવો છે,

અને આ બધામાંથી હેમખેમ

બહાર આવવાની સતત મથામણો છે!

અને આ બધાંથી ઉપર

હર રોજ એક નવલા પ્રભાતે

જીવનને પુન: આગળ ધપાવ્યે જવાનો

એક પ્રબળ ઈરાદો છે...

2)

## “દેશ ભક્તિ નો રંગ...”

પૃથ્વી - ધોરી ની વાર્તા સાંભળતાં સાંભળતાં

ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

અકબર સામે રાણા પ્રતાપ ની બહાદુરી ના કિસ્સા

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

દુશ્મનો ને હંફાવી શિવાજી લડ્યા લડાઈઓ

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

રાની લક્ષ્મી બાઈ અંતિમ શ્વાસ સુધી

અગ્રેજો સામે લડ્યા એક વીરાંગના બની

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

આઝાદી ની લડાઈ 1857 ના વિપ્લવ માં

થયાં સૌ પ્રથમ મંગલ પાંડે શહીદ

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

યુવાન કેસરિયા ભગત સિંહ, સુખદેવ, રાજગુરુની
શહીદી નાં કિસ્સા છે એકદમ અનોખાં

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

મા ભારતી મને લાગ્યો તારો કેસરિયો રંગ..

સુભાષ ચંદ્ર બોઝ, વીરસાંવરકર

ની લડાઈ હતી સામી છાતી ની

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ

ગાંધીજી, સરદાર વલ્લભભાઈ, નહેરુજી

લડ્યા અહિંસક લડાઈ

અપાવી આઝાદી

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ

કેપ્ટન વિક્રમ બત્રા કારગિલ મા થયાં શહીદ

બચાવી લાજ મા ભારતી ની ખૂબ શાન થી

સાંભળી ચડ્યો મને દેશ ભક્તિ નો રંગ..!

3)

" હે પ્રભુ"

એવો અવસર આપ

પ્રભુ તું,આ જગમાં કઈંક કરી બતાવું

ના માગું હું નિત વસંત જ

પણ, ભીતર ભાવે કદી ન સુકાઉં

ઋતુ ઋતુના ખોળે જ રમતાં

પાછાં, રૂપલા ફૂલ બની મુસ્કાઉં

એવા ઉરમાં ભરજો વિશ્વાસ જ

જગ સંગ્રામો ખેલી બતાવું

રાહ ભલે ને ઉબડ-ખાબડ હો

તારો એવરેસ્ટ ચડી બતાવું

છોને છોડે તું પર્વત ટોચે

જલ જેમ વહી, સાગર થઇ બતાવું

થા સારથ એક આશ જ હૈયે


પાર્થ સમ માનવ જાત દીપાવું

એવો અવસર આપ પ્રભુ તું,

તારો ગર્વ થઇ હરખાઉં

ને મંગલ શંખ બજાવું

- ડૉ. દક્ષા જોશી 'નિર્ઝરા'




આપની પારિવારિક આર્થિક
જરૂરીઆતોની પૂર્તિ
ઉપરાંત આપના
શિક્ષણ અને પ્રશસ્ય અનુભવ
પર આપના પરિવારનો
પ્રથમ અધિકાર છે.
હરજીવન મહિલા ગૃહઉદ્યોગ કેન્દ્ર .. હર પળ
આપની સાથે !
હરજીવન આશ્રમ, કડોલી


હરજીવન આશ્રમ, કડોલી
આપના
ગૃહઉદ્યોગ
ના વિકાસ માટે સહાયક બનવા
સંકલ્પિત છે.
હરજીવન મહિલા ગૃહઉદ્યોગ કેન્દ્ર,
કડોલી


હરજીવન મહિલા ઉદ્યોગ કેન્દ્ર
સાથે જોડાયેલ સદસ્ય વિવિધ ગૃહ
ઉદ્યોગ એકમો -
- લેડિઝ ટેલરીંગ
- બુક બાઈડિંગ
- ખાદ્ય પદાર્થ
વિશેષ માહિતી માટે -
૯૫૧૦૩૭૮૦૯૪
હરજીવન આશ્રમ, કડોલી


હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ,
કડોલી દ્વારા અનુપ્રેરિત
શ્રીમતી રીટાબેન હર્ષદભાઈ પંડ્યા
(95747 48936) દ્વારા સ્વતંત્ર
રીતે ઉપક્રમિત..
"બુક બાઈડિંગ અને પ્રિન્ટિંગ
સર્વિસ" કડોલીમાં
ઉપલબ્ધ છે.
આપ જરૂરીયાત પ્રમાણે સંપર્ક કરી
શકો છો.
હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ કેન્દ્ર,
કડોલી

# પુર્નાનંદ લોજ -થિયોસોફીકલ સોસાયટી, પેટલાદ દ્વારા આયોજિત કવિ સંમેલન





"As long as one is escaping from loneliness, there is no essential difference between the worship of God and addiction to alcohol. Socially, there may be a difference; but psychologically, the man who runs away from himself, from his own emptiness, whose escape is his search for God, is on the same level as the drunkard."

**— Jiddu Krishnamurti, On Love and Loneliness**






# ફોટો ગેલેરી

## ભજનોત્સવ :







